RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 320 Dt. 04-06-2025 Page : 08 Price : Rs 3








Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**


# બેંગ્લોર વિરાટ સરતાજ

## ૧૭ વર્ષના લાંબા અંતરાલ બાદ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે રચ્યો ઇતિહાસ : કિંગ કોહલી થયો ભાવુક
## હાઇ સ્કોરીંગ મેચમાં પંજાબનો ૬ રને પરાજય : ૧૯૧ના લક્ષ્યાંક સામે પંજાબે ૧૮૪ રન બનાવ્યા



રાજકોટ તા. ૩

ઇન્ડિયન પ્રીમિયર લીગનો સરતાજ એટલે રોયલ ચેલેન્જર્સ બેંગલોર ૧૮ વર્ષ ની મહેનત અને પરિશ્રમ બાદ ગઈકાલે ઇન્ડિયન પ્રીમિયર લીગનીની ૧૮મી સીઝન આરસીબીએ પોતાના નામ અંકે કરી છે. ગઈકાલે પ્રથમ બેટિંગ કરતા આરસીબીએ ૨૦ ઓવરના અંતે ૯ વિકેટ ગુમાવી ૧૯૦ રન બનાવ્યા હતા જેમાં કોહલીએ સર્વાધિક ૪૩ રનનું યોગદાન આપ્યું હતું ત્યારબાદ મેડલ ઓર્ડરમાં પણ આરસીબીના ખેલાડીઓએ પોતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સ્કોર ૧૯૦ સુધી પહોંચાડવામાં મદદરૂપ થયા હતા પંજાબના બોલરો ની વાત કરવામાં આવે તો અર્ષદીપસિંહ, તથા જેમીસને ૩- ૩ વિકેટ ઝડપી હતી જ્યારે અન્ય બોલેરો જેવા કે અઝમતુલ્લા, વિજયકુમાર અને ચલે એક એક વિકેટ મેળવી હતી. ૧૯૧ રન ના લક્ષ્યાંક નો પીછો કરવા ઉતરેલી પંજાબની ટીમે ૨૦ ઓવરના અંતે ૭ વિકેટ ગુમાવી ૧૮૪ રન બનાવ્યા હતા અને પંજાબનો ૬ રને પરાજય થયો હતો. પંજાબ તરફથી શશાંકસિંહે સર્વાધિક એકસાઈટ રન ફટકાર્યા હતા જે બાદ જોશ ઈંગલિશ ૩૯ રન, પ્રભશ્રીમરને ૨૬ રન અને પ્રિયાંશ આર્યાય ૨૪ રનનું યોગદાન આપ્યું હતું. આરસીબીના બોલરો ની વાત કરવામાં આવે તો ભુવનેશ્વર કુમાર અને કૃણાલ પંડ્યાએ બે બે વિકેટ ઝડપી હતી જ્યારે યસ દયાલ, એસલવુડ અને શેફર્ડે એક એક વિકેટ મેળવી હતી. હાઈ વોલ્ટેજ બનેલો મેચનું પરિણામ અંતે આરસીબી તરફ ગયું. અને રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ઇતિહાસ પણ રચી દીધો છે. વિરાટ કોહલી ઉપર ઉઠેલા અનેક સવાલો પર પૂર્ણવિરામ પણ મૂકી દેવામાં આવ્યો. ત્યારે અટકડો એવી પણ છે કે હવે વિરાટ કોહલી આઇપીએલ માંથી પણ નિવૃત્તિ લઈ શકે.

મંગળવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં IPLની ૧૮મી સીઝનની ફાઇનલ મેચ દરમિયાન ભૂતપૂર્વ બ્રિટિશ વડા પ્રધાન ઋષિ સુનક અને તેમની પત્ની અક્ષતા મૂર્તિ દર્શકોને ઉત્સાહિત કરતા જોવા મળ્યા હતા. આ મેચ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાઈ હતી. દરમિયાન, સ્ટેડિયમમાં RCBની બેટિંગ સમાપ્ત થયા પછી એક ઇન્ટરવ્યુ દરમિયાન ઋષિ સુનકે કહ્યું, આ અવિશ્વસનીય છે, આ એકદમ શાનદાર છે. આ મારો અહીં પહેલો અનુભવ છે, ચાહકોની ભીડ જબરદસ્ત છે. મેં આ પહેલાં ક્યારેય આવું ક્રિકેટ જોયું નથી. RCB ગ્રુપ સ્ટેજમાં બીજા સ્થાને રહ્યું અને ૧૫ વર્ષમાં પહેલી વાર ફાઇનલમાં પહોંચ્યું, જ્યાં તેમણે ક્વોલિફાયર ૧ માં એકતરફી મેચમાં ટેબલ ટોપર્સ પંજાબ કિંગ્સને આઠ વિકેટથી હરાવ્યું. દરમિયાન, પંજાબે મુંબઈ ઇન્ડિયન્સને હરાવીને માત્ર બીજી વખત ફાઇનલમાં પ્રવેશ કર્યો.

ગુજરાત ટાઇટન્સના બેટ્સમેન સાઇ સુધરસને મંગળવારે ઇન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ સીઝન દરમિયાન સૌથી વધુ રન બનાવવા બદલ ઓરેન્જ કેપ એવોર્ડ જીત્યો. ૨૩ વર્ષ અને ૨૩૧ દિવસની ઉંમરે, સુદર્શન તેના સાથી શુભમન ગિલને પાછળ છોડીને આ સન્માન જીતનાર સૌથી નાની ઉંમરનો ખેલાડી પણ બન્યો. ૨૦૨૩ માં જ્યારે ગિલ આ એવોર્ડ જીત્યો ત્યારે તેની ઉંમર ૨૩ વર્ષ અને ૨૬૩ દિવસ હતી. સુદર્શને ૧૫ ઇનિંગ્સમાં ૭૫૯ રન સાથે પોતાનું અભિયાન પૂરું કર્યું. તેણે ૫૪.૨૧ ની સરેરાશથી રન બનાવ્યા અને એક સદી અને છ અડધી સદી ફટકારી. આ સિઝનમાં સતત ત્રીજા વર્ષે કોઈ ભારતીય બેટ્સમેન આ સન્માન જીત્યો છે. વિરાટ કોહલીએ ૨૦૨૪ માં ૭૪૧ રન બનાવીને ઓરેન્જ કેપ જીતી હતી.

IPL ૨૦૨૫ ના વિજેતાઓને ₹૨૦ કરોડ મળવાની અપેક્ષા છે, જ્યારે રનર્સઅપને ₹૧૩ કરોડ મળવાની ધારણા છે. પ્લેઓફમાં બહાર થનારી બે ટીમો પણ ખાલી હાથે નહીં જાય કારણ કે તેમના માટે પણ મોટા રોકડ ઇનામો રાખવામાં આવ્યા છે. ૨૦૦૮ ની સરખામણીમાં, જ્યારે ચેમ્પિયનને ૪.૮ કરોડ રૂપિયા મળ્યા હતા અને રનર-અપને તેમાંથી અડધો ભાગ મળ્યો હતો, તે સ્પષ્ટ છે કે IPL સ્કેલ અને ઇનામી રકમ બંનેમાં ઝડપથી વધ્યું છે. આ લીગ પહેલા કરતાં વધુ સમૃદ્ધ, વધુ રોમાંચક અને વધુ સ્પર્ધાત્મક બની ગઈ છે. ટુર્નામેન્ટના અંતે વ્યક્તિગત પુરસ્કારો માટે સ્પર્ધા કરતા ખેલાડીઓને રોકડ ઇનામ પણ મળે છે. ઇમર્જિંગ પ્લેયર એવોર્ડ્સમાં સૌથી વધુ ₹૨૦ લાખની ઇનામી રકમ હોય છે. ઓરેન્જ કેપ, પર્પલ કેપ, મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર, સુપર સ્ટ્રાઈકર, પાવર પ્લેયર, મેક્સિમમ સિક્સ અને ગેમ ચેન્જર સહિત અન્ય મુખ્ય શ્રેણીઓમાં ₹૧૦ લાખની ઈનામી રકમ આપવામાં આવે છે.



# કોંગ્રેસના સિંહો અને સિંહણો મહાસત્તાઓ સામે લડે છે : રાહુલ

## રાહુલ ગાંધીએ ભાજપ પર આક્ષેપ કરતા કહ્યું દેશમાં વિચારધારાની લડાઈ ચાલી રહી છે

નવીદિલ્હી, તા. ૩

રાહુલ ગાંધીએ ભોપાલ મુલાકાત દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું હતું. ઓપરેશન સિંદૂર અંગે રાહુલે કહ્યું કે પીએમ મોદીએ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના એક ફોન કોલ પર આત્મસમર્પણ કર્યું. રાહુલના આ નિવેદન બાદ ભાજપે વળતો પ્રહાર કર્યો છે. ભાજપના પ્રવક્તા ગૌરવ ભાટિયાએ રાહુલ ગાંધીને ભૂલ ગણાવી છે. તેમણે ટ્વીટ કર્યું છે કે મોદીજી 'ગર્જના' છે અને રાહુલ 'ભૂલ' છે. 'સંગઠન સૃજન અભિયાન' હેઠળ પાર્ટીના નેતાઓ અને સભ્યોને સંબોધતા રાહુલે કહ્યું કે ટ્રમ્પનો ફોન આવ્યો અને વડા પ્રધાને તરત જ શરણાગતિ સ્વીકારી લીધી. ઈતિહાસ સાક્ષી છે, આ ભાજપ-આરએસએસનું પાત્ર છે. તેઓ હંમેશા નમન કરે છે. તેમણે કહ્યું કે અમેરિકાની ધમકી છતાં ભારતે ૧૯૭૧માં પાકિસ્તાનને તોડી નાખ્યું હતું. કોંગ્રેસના સિંહો અને સિંહણો મહાસત્તાઓ સામે લડે છે અને ક્યારેય નમતા નથી.

રાહુલે વધુમાં કહ્યું કે ૧૯૭૧ માં એક સમય હતો, જ્યારે અમેરિકાનો સાતમો ફ્લીટ આવ્યો હતો, પરંતુ ઇન્દિરા ગાંધીજીએ કહ્યું હતું કે - હું જે કરવાનું છે તે કરીશ. કોંગ્રેસના સાંસદે કહ્યું કે કોંગ્રેસ પાર્ટી શરણાગતિ સ્વીકારતી નથી. ગાંધીજી, નેહરુજી, સરદાર પટેલજી - આ શરણાગતિ સ્વીકારનારા લોકો નથી, પણ મહાસત્તાઓ સામે લડનારા લોકો છે. વાસ્તવમાં, એવું કહેવામાં આવી રહ્યું છે કે ભારતે ટ્રમ્પના કહેવા પર પાકિસ્તાન સાથે યુદ્ધવિરામ પર હસ્તાક્ષર કર્યા હતા. પરંતુ વિદેશ મંત્રાલયે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે ભારતીય હુમલાના ડરને કારણે, પાકિસ્તાનના ડીજીએમઓએ ભારતના ડીજીએમઓ સાથે વાત કરી. આ પછી યુદ્ધવિરામ પર સંમતિ થઈ. ભારતે યુદ્ધવિરામમાં ટ્રમ્પની મધ્યસ્થીને નકારી કાઢી. તેમણે કહ્યું કે આ ટ્રમ્પની કોઈ ભૂમિકા નથી. હકીકતમાં, અમેરિકી રાષ્ટ્રપતિએ ટ્વીટ કર્યું હતું કે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામમાં મધ્યસ્થી કરી હતી. આ પછી બંને દેશો વચ્ચે યુદ્ધ બંધ થઈ ગયું.

રાહુલે કહ્યું કે દેશમાં વિચારધારાની લડાઈ ચાલી રહી છે. એક બાજુ કોંગ્રેસ પાર્ટી અને દેશનું બંધારણ છે. બીજી બાજુ ભાજપ-આરએસએસ છે, જે બંધારણનો નાશ કરવામાં રોકાયેલા છે. ભાજપ-આરએસએસે દરેક સંસ્થામાં પોતાના લોકોને મૂક્યા છે અને ધીમે ધીમે દેશનું ગળું દબાવી રહ્યા છે. તેમણે કહ્યું કે દેશની સમગ્ર સંપત્તિ પસંદગીના લોકોને સોંપવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે દરેક જગ્યાએ ફક્ત બે-ત્રણ લોકો જ દેખાય છે, જાણે કે તેમના સિવાય દેશમાં બીજો કોઈ ઉદ્યોગપતિ નથી. અદાણી-અંબાણી ભારતમાં ચીની વસ્તુઓ વેચે છે, પોતાના માટે પૈસા કમાય છે અને ચીની યુવાનોને રોજગાર મળે છે, જ્યારે અહીંના યુવાનો બેરોજગાર ફરે છે.

# દર બે કલાકે મતની સચોટ ટકાવારી મળશે

## ECINET એપ પર સીધા મતદાન ડેટા થશે અપડેટ : નવી સિસ્ટમ બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા લાગુ થશે

નવીદિલ્હી, તા. ૩

ભારતીય ચૂંટણી પંચ મતદારોના મતદાનની ટકાવારી વધુ સચોટ અને ઝડપી રીતે શેર કરવા માટે એક નવી ટેકનોલોજી શરૂ કરવા જઈ રહ્યું છે. આ નવી સિસ્ટમ હેઠળ, મતદાન મથકો પર તૈનાત પ્રિસાઈડિંગ અધિકારીઓ હવે દર બે કલાકે ઊઈઈંગઊઝ એપ પર સીધા મતદાન ડેટા અપડેટ કરશે. આ સાથે, અંદાજિત મતદાન ટકાવારીના વલણો સમયસર લોકો સુધી પહોંચશે. આ પગલું પારદર્શિતા વધારવા અને જૂની મેન્યુઅલ પ્રક્રિયાને કારણે થતા વિલંબને દૂર કરવાની દિશામાં એક મોટું પરિવર્તન છે. અગાઉ, મતદાન ડેટા સેક્ટર અધિકારીઓ દ્વારા મેન્યુઅલી એકત્રિત કરવામાં આવતો હતો અને ફોન કોલ્સ, એસએમએસ અથવા મેસેજિંગ એપ્સ દ્વારા રિટર્નિંગ ઓફિસરને મોકલવામાં આવતો હતો. આ પ્રક્રિયામાં પહેલા ૪-૫ કલાક કે તેથી વધુ વિલંબ થતો હતો, જેના કારણે ઘણીવાર ગેરસમજ થતી હતી. હવે નવી સિસ્ટમમાં, ઊઈઈંગઊઝ એપ દ્વારા ડેટા તાત્કાલિક દાખલ કરવામાં આવશે, જે મતવિસ્તાર સ્તરે આપમેળે એકત્રિત કરવામાં આવશે. જો કોઈ વિસ્તારમાં મોબાઇલ નેટવર્ક ઉપલબ્ધ ન હોય, તો ડેટા ઑફલાઇન રેકોર્ડ કરવામાં આવશે અને નેટવર્ક મળતાં જ તરત જ સિંક કરવામાં આવશે.

ચૂંટણી પંચના આ પગલાને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની પ્રતિબદ્ધતાના ભાગ રૂપે ગણવામાં આવી રહ્યું છે, જેમાં તેમણે સમયસર અને પારદર્શક માહિતી પૂરી પાડવા પર ભાર મૂક્યો છે. આ નવી સિસ્ટમ બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા લાગુ કરવામાં આવશે, જેના કારણે દર બે કલાકે મતદાતાઓના મતદાનના વલણો સરળતાથી ઉપલબ્ધ થશે. ચૂંટણી આચાર નિયમો, ૧૯૬૧ ના નિયમ ૪૯જ હેઠળ, પ્રમુખ અધિકારીઓ માટે મતદાનના અંતે ફોર્મ ૧૭સી દ્વારા ઉમેદવારોના પ્રતિનિધિઓને મતદાનની વિગતો સબમિટ કરવી ફરજિયાત છે. કાનૂની પ્રક્રિયા એ જ રહેશે, પરંતુ નવી ટેકનોલોજી અંદાજિત મતદાન ડેટાને ઝડપથી જાહેર કરવામાં મદદ કરશે. આ નવી પહેલ માત્ર સમય બચાવશે નહીં પરંતુ મતદારો અને જનતામાં વિશ્વાસ પણ વધારશે. ચૂંટણી પંચનું આ પગલું ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને ચૂંટણી પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવાની દિશામાં એક મોટું પગલું છે.




### ECINET શું છે?

ECINET એક ઉત્તમ યુઝર ઇન્ટરફેસ અને યુઝર-ફ્રેન્ડલી અનુભવ ધરાવશે જે ચૂંટણી સંબંધિત બધી પ્રવૃત્તિઓ માટે એક જ પ્લેટફોર્મ પૂરું પાડશે. આ પગલું વપરાશકર્તાઓ પર બહુવિધ એપ્લિકેશનો ડાઉનલોડ કરવા અને વિવિધ લોગિન યાદ રાખવાનો બોજ ઘટાડવા માટે પણ રચાયેલ છે. ECINET માં વોટર હેલ્પલાઈન એપ, વોટર ટર્નઆઉટ એપ, cVIGIL, સુવિધા ૨.૦, ESMS, સક્ષમ અને KYC એપ જેવી હાલની એપ્સનો સમાવેશ થશે, જે સામૂહિક રીતે ૫.૫ કરોડથી વધુ વખત ડાઉનલોડ થઈ ચૂકી છે.

### ECINET કેવી રીતે કામ કરે છે?

ECINETથી દેશભરમાં લગભગ ૧૦૦ કરોડ મતદારો અને સમગ્ર ચૂંટણી તંત્રને લાભ થવાની અપેક્ષા છે, જેમાં ૧૦.૫ લાખથી વધુ બૂથ લેવલ ઓફિસરો, રાજકીય પક્ષો દ્વારા નિયુક્ત લગભગ ૧૫ લાખ બૂથ લેવલ એજન્ટો, લગભગ ૪૫ લાખ મતદાન અધિકારીઓ, ૧૫,૫૯૭ સહાયક ચૂંટણી નોંધણી અધિકારીઓ, ૪,૧૨૩ ચૂંટણી નોંધણી અધિકારીઓ અને ૭૬૭ જિલ્લા ચૂંટણી અધિકારીઓનો સમાવેશ થાય છે.

# વોર્ડ નં. 2માં ફરી વીજ પુરવઠો ખોરવાયાની ફરિયાદ

## PGVCLની કામગીરીથી સ્થાનિકોમાં ભારે રોષ : અધિકારીઓને કર્મચારીઓ આપે છે ઉડાવ જવાબ

રાજકોટ, તા. ૩

રાજકોટ ખાતે હાલ વીજ પુરવઠાની ફરિયાદો વ્યાપક પ્રમાણમાં ઉઠી રહી છે ત્યારે જોવાનું રહ્યું કે આટલી હદે જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે તેનો નિવેડો કેવી રીતે આવશે કારણ કે ગઈકાલે ફરી વખત વોર્ડ નંબર બેમાં આ જ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ચોમાસા પૂર્વે જે પ્રશ્નો ઊભા થયા છે તેને લઈ સ્થાનિકોમાં ભારે રોષ વ્યાપી ઊઠ્યો છે કારણ કે જો અત્યારે આ પ્રકારની સ્થિતિનું નિર્માણ થશે તો ભવિષ્યમાં અન્ય ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ શકે છે કારણકે ચોમાસુ ને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે અને પીજીવીસીએલ તેની કામગીરીમાં સહેજ પણ સફળ થઈ નથી.

રાજકોટ શહેરમાં છેલ્લા ઘણા સમયથી ૧૮એ વોર્ડમાં અવરનવર વીજ વિક્ષેપ થવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે.થોડા જ દિવસ પહેલા રૂડા ના પરિશ્રમ આવાસ સોસાયટી સહિત આસપાસના વિસ્તારમાં વીજ વિક્ષેપની વારંવાર સમસ્યાથી પરેશાન થઈને રાત્રિના સમયે દરમિયાન પરિશ્રમ આવશ સોસાયટીના રહીશો મુંજકાના પૂર્વ સરપંચ સાથે મોટા મવા પેટા વિભાગીય ફોલ્ટ કચેરી પહોંચી ગયા હતા.છેલ્લા અઠવાડિયાથી વીજ વિક્ષેપની સમસ્યાથી પરેશાન રહીશોએ પીજીવીસીએલના અધિકારીઓને રાત્રિના રજૂઆત કરી હતી. શહેરમાં આવા ઘણા કિસ્સાઓ આ પહેલા પણ પ્રકાશમાં આવી ગયા છે.જ્યાં સ્વયંભૂ રહીશો પીજીવીસીએલની જુદી જુદી વર્તુળ કચેરી જનતા રેડ કરી છે.રાત્રિના સમયે અને દિવસ દરમિયાન ભર ઉનાળામાં વીજ વિક્ષેપ થવાથી કલાકો સુધી વીજ પુરવઠો સમયસર પૂર્વત ન થતા સ્થાનિકોના હાલ બેહાલ થતા હોય છે.બ્લડ પ્રેશરના દર્દીઓ,સોગર્ભા સ્ત્રીઓ,વૃદ્ધો બાળકોને,વીજક્ષેપ સમયે ભારે મુશ્કેલી સહન કરવાનો વારો આવે છે.



વોર્ડ નંબર ૨ માં છેલ્લા ઘણા સમયથી રાત્રિના વિક્ષેપની સમસ્યા સતત વધી રહી છે.વોર્ડ નંબર ૨ના કોર્પોરેટર અને સ્ટેન્ડિંગ ચેરમેનને ગત ૨૯ મે ના રોજ રહીશોને સાથે લઈ પ્રદ્યુમન સબ ડિવિઝન કચેરીએ પહોંચીને પીજીવીસીએલના અધિકારીઓને ખખડાવ્યા હતા. સ્ટેન્ડિંગ ચેરમેનના વર્તન સામે પીજીવીસીએલના અધિકારીઓએ અસંતોષ વ્યક્ત કર્યો છે. સાથોસાથ સ્ટેન્ડિંગ ચેરમેન વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ સાથેનું આવેદન જીઈબી એસો. દ્વારા કલેકટરને પાઠવવામાં આવ્યું છે.પીજીવીસીએલ અધિકારીઓને પ્રજાના પ્રશ્નની જવાબ માંગવા સ્ટેન્ડિંગ ચેરમેને જે ભાષાનો ઉપયોગ કર્યો તે યોગ્ય ન હોઈ શકે. પરંતુ પ્રજા હેરાન થઈ રહી નથી શું એ પીજીવીસીએલની વર્તુળ કચેરીના અધિકારીઓને, ઇજનેરોને નજરમાં આવી રહ્યું નથી.રાત્રિના અને દિવસ દરમિયાન ગમે ત્યારે વીજ વિક્ષેપ થઈ રહ્યો છે. વોર્ડ નંબર ૨ માં છેલ્લા ઘણા સમયથી રાત્રિના સમયે વીજ વિક્ષેપની સમસ્યા સ્થાનિકો માટે નાસૂર બની છે. વારંવારથી વિજ વિક્ષેપની સમસ્યાથી સ્થાનિકો ત્રાહિમામ પોકારી ગયા છે. સ્થાનિકોએ પણ આવેદન પાઠવવાની તૈયારીઓ બતાવી રહ્યાનું જાણકારોમાં ચર્ચા રહ્યું છે.

ગત સોમવાર રાત્રિના ૧૨ વાગે વીજ વિક્ષેપનો ફરી પ્રશ્ન ઉદભવ્યો હતો.રહીશો દ્વારા ફરિયાદ નંબર પર જાણ કરવામાં આવતા ફરિયાદ લઈ રહેલા વ્યક્તિ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ભોમેશ્વર સોસાયટીના ૧/૭ના ટ્રાન્સફરની બાજુમાં કેબલ બળી જતા વીજ વિક્ષેપ થયું છે.રીપેરીંગ નું કામ શરૂ છે. છતાં સ્થાનિકોએ પોણી કલાક સુધી વીજ વિક્ષેપમાં રહેવાનો વારો આવ્યો હતો.સતત એક સપ્તાહમાં રાત્રિના ૩થી ૪ દિવસ દરમિયાન રાત્રિના સમયે વીજ વિક્ષેપ થવાનો પ્રશ્ન યથાવત છે.સ્થાનિકો રાત્રિના સમયે લાઇટ જતી રહેવાથી બેચેન થઈને ઘરોની બહાર બેસવા મજબૂર થાય છે.ચોમાસાની સીઝન શરૂ થઈ નથી એ પહેલા જો વીજ વિક્ષેપના ઠોકબંધ પ્રશ્નો રહેતા હોય તો ચોમાસા દરમિયાન રહીશોએ પીજીવીસીએલ પાસે વીજવિક્ષેપ નહીં થાય એવી અપેક્ષાઓ રાખી શકે ખરા!

### PGVCL વિરુદ્ધ રહીશો પાઠવશે આવેદન

વોર્ડ નંબર ૨ના બજરંગવાડી, પુનિત નગર, વસુંધરા સોસાયટી સહિતના વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી રાત્રિના વીજ વિક્ષેપની સમસ્યાઓનો મારો વધી રહ્યો છે. ગતરાત્રિના પણ પોણી કલાક સુધી વીજ વિક્ષેપ સહન કરવાનો રહીશોને વારો આવ્યો છે.રાત્રિના સમયે લાઇટ જતી રહેવાથી સ્થાનિકોના હાલ બેહાલ થાય છે. વૃદ્ધો, મહિલાઓ, બાળકોને વધુ તકલીફ પડે છે.રાત્રિના સમયે અસહ્ય ગરમીથી પરેશાન સ્થાનિકોને બેચેની મહેસુસ થાય છે.હાઈ બ્લડપ્રેશરના દર્દીઓ માટે ગરમીમાં રહેવું મુશ્કેલ ભર્યું થતું હોય છે. વોર્ડ નંબર ૨માં વીજ વિક્ષેપના પ્રશ્નનો કાયમી નિરાકરણ નહીં આવે તો સ્થાનિકોએ આવેદનપત્ર પાઠવવાની તૈયારીઓ બતાવી છે.એવું જાણકારોમાં ચર્ચા રહ્યું છે.








## રાજકોટ અને સૌરાષ્ટ્રને વિકસિત બનાવવા રોડમેપ તૈયાર

# રીજીયોનલ સ્ટેકહોલ્ડર કન્સલ્ટેશન વર્કશોપ

રાજકોટ, તા.૩

જિલ્લા વહીવટી તંત્ર, રાજકોટ અને ગુજરાત રાજ્ય પરિવર્તન સંસ્થાના સંયુક્ત ઉપક્રમે રીજીયોનલ સ્ટેકહોલ્ડર કન્સલ્ટેશન વર્કશોપ યોજાયો હતો. વિકસિત ભારત ૨૦૪૭ માટે વિકસિત ગુજરાતના ધ્યેયમંત્ર સાથે રાજ્ય સરકારે વિકસિત ગુજરાત૨૦૪૭નો ડાયનેમિક વિઝન ડોક્યુમેન્ટ- રોડમેપ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં તૈયાર કર્યો છે. આ વિઝન ડોક્યુમેન્ટમાં દર્શાવાયેલા ટૂંકા અને લાંબા ગાળાના લક્ષ્યો ધ્યાને લઈને વ્યુહાત્મક યોજનાઓની રચના માટે ગુજરાત રાજ્ય પરિવર્તન સંસ્થા (ગ્રીટ) થિંક-ટેન્ક તરીકે માર્ગદર્શન અને નેતૃત્વ પૂરું પાડી રહી છે. ત્યારે રાજકોટ ખાતે યોજાયેલ વર્કશોપમાં જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ તેમજ રાજકોટ અને જામનગર જિલ્લાના ઉદ્યોગ સાહસિકો અને ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખોએ જરૂરી સૂચનો રજૂ કર્યા હતા.

આ તકે જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, તાજેતરમાં જ ભારત આર્થિક વિકાસમાં જાપાનથી આગળ નીકળી ગયુ છે. પરંતુ યુએસ અને ચાઈનાના આર્થિક વિકાસ સુધી પહોંચવા વચ્ચે ઘણો ગેપ છે. આ ગેપને ઓછો કરવા શું કરવું તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નીતિ આયોગ જેમ રાજ્ય સરકારે ગ્રીટની સ્થાપના કરી છે. ત્યારે સૌરાષ્ટ્રનું ઈકોનોમિક પ્લાન બને જે લાંબા ગાળાનું પ્લાનિંગ સાથે વિકાસનું આયોજન થાય તે માટે ઉદ્યોગ સાહસિકોના સૂચનો જરૂરી છે. કલેકટરએ વધુમાં કહ્યું હતું કે, રાજકોટ અને સૌરાષ્ટ્રમાં ઉદ્યોગોની તથા મેગા પ્રોજેક્ટ માટે પૂરતી તકો છે. રાજકોટના ઈમીટેશન અને લઘુ સુક્ષ્મ ઉદ્યોગોના વિકાસને વધુ વેગ મળે તેમજ નવા ઉદ્યોગો સ્થપાય, જે રાજ્ય અને દેશના વિકાસમાં યોગદાન આપી શકે તે ઈચ્છનીય છે.

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ ગ્રીટ સાથે જોડાયેલા અધિકારીઓને ગ્રાઉન્ડ લેવલથી આયોજન કરી સૌરાષ્ટ્રનો ઈકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર કરવા સુચન કર્યું હતુ. ઔદ્યોગિક વસાહત વિસ્તાર રહેવા લાયક શહેર બને જેમાં શિક્ષણ આરોગ્ય સહિતની માળખાકીય સુવિધાઓ મળે જેના માટે ખૂબ જ ગ્રાઉન્ડ લેવલથી કામ કરવું પડશે. અલગ અલગ ફિલ્ડ સાથે જોડાયેલા લોકોને મળીને તેમના અભિપ્રાયો લેવા, મેન પાવર, ઈન્ફ્રાસ્ટ્રકચર, ચાની કીટલી કે નાની-નાની લારીવાળા આ બધા જ ઈકોનોમિક માસ્ટર પ્લાન્ટના ભાગ હોય છે જેથી તેઓને પણ ધ્યાનમાં રાખીને માસ્ટર પ્લાન તૈયાર કરવા સૂચન કર્યા હતા.

આ તકે જામનગર અને રાજકોટના ઉદ્યોગ સાહસિકો તેમજ અધિકારીઓએ ગ્રુપ ડિસ્કશન કર્યું હતુ. જેમા એગ્રીકલ્ચર, એન્જિનિયરિંગ, એગ્રી પ્રોસેસિંગ, ઈમિટેશન જ્વેલરી, સોલાર એનર્જી, આઈટી સર્વિસ, સ્ટાર્ટઅપ જીઆઈડીસી અને નોન જીઆઈડીસી વિસ્તારનો વિકાસ, ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રકચર, રીફાઈનરી બાય પ્રોડક્ટ, ટેક્સટાઈલ, કૃષિ રોમટીરીયલ્સ, ટુરીઝમ ટ્રાન્સપોર્ટ સહિત મુદ્દે વિસ્તૃત ચર્ચા કરી વિકસિત ગુજરાત વિકસિત ભારતના સંકલ્પને સાર્થક કરવા આ તમામ ક્ષેત્રોને વધુ સુદ્રઢ અને મજબૂત બનાવવાનો રોડ મેપ તૈયાર કરવા જરૂરી મંથન કરાયું હતું.

આ ઉપરાંત યુવા માઈન્ડ પાવરનો સૌરાષ્ટ્રના વિકાસમાં ઉપયોગ કરવો, આઈ.આઈ.ટી આઈ.આઈ.એમ જેવી શૈક્ષણિક સંસ્થા સ્થાપવી, ઔદ્યોગિક વિસ્તારોમાં જમીન, વીજળી, પાણી, રોડ રસ્તા, આરોગ્ય, સ્વચ્છતા, ફાયર વગેરે પ્રાથમિક જરૂરિયાતોને વધુ મજબૂત કરવા, ઉદ્યોગો સાથે જોડાયેલ લોકોને તાલીમો આપવી વગેરે અંગે સૂચનો રજૂ કરાયા હતા.

આ વર્કશોપમાં જિલ્લા કલેકટર પ્રભવ જોશી, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વૈષ્ણવ, એન્જિનિયરિંગ એસોસિએશન પ્રમુખ, જામનગર ચેમ્બર કોમર્સના પ્રમુખ જાડેજા સહિત ઉદ્યોગપતિઓ, ગ્રીટની ટીમ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ભેળસેળ યુક્ત દૂધને પકડી પાડતું આરોગ્ય તંત્ર

## સુધ્ધાંગ ડેરી ફાર્મ, નવનીત ડેરી ફાર્મના નમૂનામાં મિલ્ક ફેટને બદલે ફોરેન ફેટ તથા SNFનું પ્રમાણ જોવા મળ્યું વધુ





રાજકોટ, તા. ૩

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા 'સુધ્ધાંગ ડેરી ફાર્મ', હૂડકો ક્વાટર, હૂડકો પોલીસ ચોકી પાસે, કોઠારીયા મેઈન રોડ, રાજકોટ મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ ''મિક્સ દૂધ (લુઝ)'' નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં મિલ્ક ફેટને બદલે ફોરેન ફેટ તથા SNF નું પ્રમાણ ધારાધોરણ કરતાં ઓછું હોવાથી નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' (ફેઈલ) જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે.

ફૂડ વિભાગ દ્વારા 'શ્રી નવનીત ડેરી ફાર્મ', હૂડકો ક્વાટર, બસ સ્ટોપ પાસે, કોઠારીયા મેઈન રોડ, રાજકોટ મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ ''ભેંસનું દૂધ (લુઝ)'' નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં મિલ્ક ફેટને બદલે ફોરેન ફેટની હાજરી હોવાથી નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' (ફેઈલ) જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે.

ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના સત્યસાંઇ મેઈન રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૧ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્ય ચીજોના કુલ ૨૦ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવી. જ્યારે ક્રિષ્ના શોપિંગ સેન્ટરને લાઇસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવી. જ્યારે ક્રિષ્ના સુપર માર્કેટ, યમ્મી મમ્મી મેગી સેન્ટર,પટેલ નાસ્તા સેન્ટર, રજનીકાંત મદ્રાસ કાફે, ગોવર્ધન ડેરી ફાર્મ, ઘરનો ચૂલો રેસ્ટોરેન્ટ, ક્રિષ્ના ચાઇનીઝ પંજાબી, પટેલ ડાઈનીંગ હોલ, સ્નેહર્ષ પાર્લર, મારુતિ રેસ્ટોરેન્ટ, ગોકુલ સેન્ડવિચ, જય સરદાર રેસ્ટોરન્ટ, અક્ષર ડાઈનિંગ હોલ, શ્રીનાથજી ડેરી ફાર્મ, ૐ ખમણ, રાજ વૈભવ આઇસક્રીમ, રામ ડેરી ફાર્મ, મારુતિ પ્રોવિજન સ્ટોર, શુભમ ડેરી ફાર્મની ચકાસણી કરવામાં આવી .

### લેવાયેલા નમૂનાની યાદી

**(૧)** પિસ્તા ફ્લેવર શરબત માટેનું સીરપ (લુઝ): સ્થળ- સાગર શરબતવાલા એન્ડ આઇસક્રીમ, પાણીના ઘોડા ચોક, પેડક રોડ, રાજકોટ

**(૨)** માવા બદામ આઇસક્રીમ (લુઝ): સ્થળ- સાગર શરબતવાલા એન્ડ આઇસક્રીમ, પાણીના ઘોડા ચોક, પેડક રોડ, રાજકોટ

**(૩)** બરફ ગોલાનું સીરપ (કિડબરી ફ્લેવર) (લુઝ): સ્થળ- સાહેબ ગોલા, રામાણી એપાર્ટમેન્ટ, ૧૫૦' રિંગ રોડ, રૈયા ટેલિફોન એક્સચેન્જ, રાજકોટ

**(૪)** બરફ ગોલાનું સીરપ (ઓરંજ ફ્લેવર) (લુઝ): સ્થળ- સાહેબ ગોલા, રામાણી એપાર્ટમેન્ટ, ૧૫૦' રિંગ રોડ, રૈયા ટેલિફોન એક્સચેન્જ, રાજકોટ

# વિવિધ વિસ્તારોમાં બોર રિચાર્જની કામગીરી

## મનપા હસ્તકની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત જુદી જુદી શાળાઓ તથા હાઈસ્કુલના કેમ્પસમાં ૭૦ બોર કરવામાં

રાજકોટ, તા. ૩

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'ગીર ગંગા પરિવાર ટ્રસ્ટ'ના સહયોગથી વિવિધ સંસ્થા/કંપનીઓના ઈ.જ.છ.ફંડમાંથી ભૂગર્ભ જળના પાણીના સ્તરમાં વધારો કરવા, વહી જતા વરસાદી પાણીને નવા બોર કરી, રીચાર્જ કરવાની કામગીરીનો શુભારંભ કરવામાં આવ્યો. આ શુભારંભ રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયાના વરદ હસ્તે કરવામાં આવ્યો.



રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત જુદી જુદી શાળાઓ તથા હાઈસ્કુલના કેમ્પસમાં વિવિધ સંસ્થા/કંપનીઓના ઈ.જ.છ.ફંડમાંથી કુલ-૭૦ બોર કરવામાં આવનાર છે. રાજકોટ શહેર માટે પીવાના પાણીના સ્ત્રોત સ્વરૂપે ભાદર-૧, આજી-૧, ન્યારી-૧ ડેમ છે, આજથી ૩૫ વર્ષ પહેલા દુષ્કાળ પડેલ ત્યારે રાજકોટની માનવવસ્તી અંદાજે સાત લાખ જેટલી હતી તે આજે વીસ લાખથી વધુ થઈ ચુકી છે,ત્યારે આ વસ્તીને પાણી પૂરું પાડવા માટે ૪૦૦ કિ. મી.દુરથીનર્મદા ડેમનું પાણી(સરદાર સરોવર) માંથી પૂરું પાડવામાં આવે છે,જયારે દુષ્કાળ પડ્યો ત્યારે રાજકોટ શહેર અનેક રોડની શેરીઓ આજુબાજુમાં ખુલ્લી જમીન હોવાથી વરસાદી પાણી જમીનમાં ઉતરતા હતા આજે સંપૂર્ણ પાકા રોડ થઈ ચુક્યા છે, અને રાજકોટમાં અનેક વોકળાઓ પાણીના વહેણ માટે હતા.

મોટા ભાગના ગટરનું પાણી વહે છે તેમજ આજથી ૩૫ વર્ષ પહેલા કોર્પોરેશનના અનેક હેંડપંપો દ્વારા પાણી પીવા માટે ઉપયોગમાં લેવામાં આવતું હતું.હાલની સ્થિતિએ ૫૦૦ થી ૨૫૦૦ ફૂટ ઊંડે સુધી પાણીના તળ જતા રહયા છે, દિવસે દિવસે રાજકોટ શહેરનો ખુબજ વિકાસ થઈ રહયો છે તેમાં ૭ માળ થી ૨૨ માળ સુધીના ગગનચુંબી અધ્યતન બિલ્ડીંગો બની રહયા છે. સાથે સાથે આવનાર દિવસોમાં ૪૫ થી ૫૦ માળ સુધીના બિલ્ડીંગો નિર્માણ થનાર છે, આવનાર દિવસોમાં પાણીની તંગી ઉભી ન થાય તેના માટે ભારત સરકાર, ગુજરાત સરકારના સહયોગ અને માર્ગદર્શનથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પાણીના જતન માટે સતત પ્રયાસ કરવામાં આવે છે.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા અનેક વિસ્તારોમાં ચેકડેમ રિપેરિંગ, ઊંડા, ઊંચા અને નવા બનાવેલ છે. જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકાયેલ અને જમીનમાં અંદર પાણીના તળ ખુબ ઊંચા આવેલ છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રમાં ૧૧,૧૧૧ ચેકડેમો તૈયાર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો.તેમાંથી ૨૭૫ થી વધુ ચેકડેમ પૂર્ણ થઈ ગયા છે. તેમજ ૧૧,૧૧૧ રીચાર્જ બોર કરવાનો પણ સંકલ્પ કરેલ તેમાંથી ૧૪૦૦ થી વધુ બોરરીચાર્જ થઈ ચુકયા છે.આ રીતે વરસાદી પાણીનું યોગ્ય સંગ્રહ કરવામાં આવે તો પાણીનો પ્રશ્ન ખુબ સરળતાથી હલ થઈશકે તેમ છે.

# ન્યારા ઓફટેક પમ્પીંગ સ્ટેશનમાં વનસ્પતિ જન્ય અવશેષો દૂર કરાયા

## તમામ કામગીરી દરમ્યાન શહેરની જાહેર જનતાને કોઈ અગવડ ન પડે તે માટે ન રખાયું શટડાઉન

રાજકોટ, તા. ૩

રાજકોટ મહાનગરપાલિકાના વોટર મેનેજમેન્ટ યુનિટ દ્વારા રૈયાધાર ઝોન હસ્તકના ન્યારા ઓફટેક પમ્પીંગ સ્ટેશનના રો-વોટર સંપત તથા ઘંટેશ્વર ૧૩.૫ ખકઉ કેપેસીટીના વોટર ફિલ્ટર પ્લાન્ટની રિસાયકલ સંપ કોઈ પણ પ્રકારનાં શટ-ડાઉન વગર સફાઈ કરવામાં આવી.

રાજકોટ મહાનગરપાલિકાની વોટર મેનેજમેન્ટ યુનિટના રૈયાધાર ઝોન હસ્તકના ઘંટેશ્વર ૧૩.૫ એમ. એલ . ડી કેપેસીટીનો વોટર ફિલ્ટર પ્લાન્ટ તથા ન્યારા ઓફટેક પમ્પીંગ સ્ટેશન ખાતે પાણીની ગુણવત્તા જળવાય રહે તે માટેવોટર મેનેજમેન્ટ યુનીટના રૈયાધાર ઝોન (મિકેનીકલ) દ્વારા ન્યારા ઓફટેક પમ્પીંગ સ્ટેશનના ૦૪ એમ.એલ. કેપેસીટીના રો-વોટર સંપ માંથી આલ્ગી/વનસ્પતિ જન્ય અવશેષો દૂર કરવાની સફાઈ કામગીરી તેમજ ઘંટેશ્વર ૧૩.૫ એમ. એલ . ડી કેપેસીટીના વોટર ફિલ્ટર પ્લાન્ટ ખાતેના રિસાયકલ સંપ માંથી સ્લજ દૂર કરવાની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવેલ.

આ તમામ કામગીરી દરમ્યાન શહેરની જાહેર જનતાને કોઈ અગવડ ન પડે તે શુભઆશયથી કોઈ પણ પ્રકારનુ શટ-ડાઉન ન રાખતા,પાણી વિતરણમાં કોઈ પણ પ્રકારના વિક્ષેપ વગર રો-વોટર સંપ તેમજ છ્યભુભહય જીળા સફાઈની કામગીરી પૂર્ણ કરેલ છે.આ સમગ્ર કામગીરી એડી.સિટી ઇજનેર(ઇ.ચા.) કે.પી.દેથરીયાનાં માર્ગદર્શન હેઠળ ડેપ્યુટી એક્ઝીક્યુટીવ એન્જી. વી.એચ.ઉમટ, એડી.આસી.એન્જી. એ.એમ.કંઝારીયા, વર્ક આસી.એચ.જી. ત્રિવેદી અને લાલજીભાઈ એલ. સોજીત્રા સહિતની ટેકનીકલ ટીમ દ્વારા કરવામાં આવેલ હતી.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# વાયુ પ્રકોપ

## સરકારી તંત્રો વચ્ચે સંકલનના અભાવે મોટી દુર્ઘટનાનું જોખમ



વાયુ પ્રકોપ આયુર્વેદનો શબ્દ છે. કફ-પિત-વાયુ ત્રણે બેલેન્સ રહે તો તબિયત ટનાટન ગણાય. આ ત્રણમાંથી એક પણ અનબેલેન્સ થાય તો આરોગ્ય બગડે છે. વાયુજન્ય રોગો થયા બાદ પણ ધ્યાન આપવામાં ન આવે તો વાયુની સમસ્યા વધે છે. આ સ્થિતિને પ્રકોપ કહેવાય.

રાજકોટમાં બનેલી એક ઘટના દર્શાવે છે કે, તંત્રને વાયુ પ્રકોપ થયો છે. ગવલીવાડ વિસ્તારમાં મહાપાલિકા દ્વારા વોંકળા પર પૂલ બનાવવાની કામગીરી દરમિયાન ખોદકામ કરતી વખતે જેસીબી દ્વારા ગેસ લાઇન તૂટી ગઇ હતી. મોટાપાયે લીકેજ થયું હતું. ગેસના વહાવથી સમગ્ર વિસ્તારમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાઇ ગયો હતો.

સત્વરે મેઇન વાલ્વ બંધ કરી દેવાતા ભય ટળ્યો હતો. જો કે, લાંબો સમય ગેસ સપ્લાય બંધ રહેતા અને પરિવારો પરેશાન થઇ ગયા હતા.

આવી ઘટનાઓને સામાન્ય ગણી લેવામાં આવે છે. તંત્રની બેદરકારી અને સંકલનના અભાવથી ગેસ લીકથી મહાઅગ્નિકાંડ પણ થઇ શક્યો હતો. માત્ર આ ઘટના માટે જ નહિ, કોઇપણ કાર્યમાં સરકારી તંત્રો વચ્ચે સંકલન અને આયોજન હોવું જોઇએ તે જોવા મળતું નથી.

શહેરોમાં અનેક પ્રકારની પાઇપ લાઇનો પસાર થતી હોય છે. આડેધડ તોડફોડથી મોટા નુકસાન થઇ શકે છે. જે તે વિસ્તારમાં કામ થવાનું હોય એ વિસ્તારના ભૂગર્ભના નકશા પણ કામગીરી કરનાર પાસે હોવા જોઇએ. મનફાવે તેમ તોડફોડ કરનારાઓને સજા થવી પણ જરૂરી હોય છે.

તંત્ર વચ્ચે સંકલનના અભાવના કારણે વિકાસ કાર્યો વિનાશકાર્યો બની શકે છે. ભૂતકાળમાં આવી અનેક ઘટનાઓ બની ચૂકી છે. તંત્ર બોધપાઠ લેતું નથી એ ગંભીર ગણાય. ગવલીવાળમાં ગેસ લીક ઘટના અંગે ભૂલ સ્વીકારવાને બદલે તંત્ર અને શાસકોએ બહાનાબાજી કરીને પ્રકરણને આટોપી લેવાનો પ્રયાસ કર્યો છે. પ્રકરણ પૂરું પણ થઇ જશે. લોકોએ યાદ રાખવું પડશે કે, તંત્રની ભૂલથી જીવલેણ દુર્ઘટનાઓ બની શકે છે. આવા જોખમી પ્રકરણો ભૂલવા જેવા નથી.

ભલે જાનહાની નથી થઇ પરંતુ ગેસ લીકકાંડને ગંભીરતાથી લઇને તટસ્થતાથી તપાસ થવી જોઇએ. જેમની ભૂલ હોય તેમને સજા કરવી જરૂરી હોય છે. આવી તપાસથી તંત્રમાં રહેલા છીંડા પણ બહાર આવશે. આવા છીંડા બુરાવા જોઇએ અને ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટેની ગેરન્ટી પણ મળવી જોઇએ. સરકારના દરેક તંત્રને જવાબદારીનું ભાન કરાવવું જરૂરી છે.

વાયુ પ્રકોપ ગંભીર આરોગ્ય સમસ્યા છે. તંત્રને થયેલા વાયુ પ્રકોપ લોકો માટે જીવલેણ બની શકે છે. લોકોએ આવા મુદ્દાઓની ગંભીરતા જાણવી જોઇએ.



પુ ભક્તિ સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# ભારતને સમજાવવાની જરૂર નથી : થરૂર

## ઓપરેશન સિંદુર પર સર્વ પક્ષીઓ પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ કરી રહેલા શશી થરૂરની ટીમ પહોંચી અમેરિકા : થરૂરે અમેરિકાને જવાબ આપતા કહ્યું તેવો રાષ્ટ્રપતિ પદનું સન્માન કરે છે અને તે દિશામાં જ ચર્ચા થશે

નવીદિલ્હી, તા. ૩

ઓપરેશન સિંદૂર પર સર્વપક્ષીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહેલા કોંગ્રેસના સાંસદ શશી થરૂરે ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામમાં કોઈપણ ત્રીજા પક્ષની સંડોવણીનો ઇનકાર કર્યો છે અને કહ્યું છે કે યુદ્ધવિરામ માટે ભારત અને પાકિસ્તાન વચ્ચે સીધી વાતચીત થઈ હતી. થરૂરના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ હાલમાં બ્રાઝિલમાં છે અને બ્રાઝિલથી અમેરિકા જવા રવાના થશે. ઉલ્લેખનીય છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર દાવો કરી રહ્યા છે કે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામમાં મધ્યસ્થી કરી હતી.

બ્રાઝિલમાં, શશિ થરૂરે કહ્યું કે 'અમેરિકન રાષ્ટ્રપતિ પદ માટે અમને ખૂબ માન છે અને અમે તે સન્માનને ધ્યાનમાં રાખીને વાત કરીશું, પરંતુ વ્યાપક રીતે કહીએ તો, અમારી સમજ થોડી અલગ છે. અમને રોકવા માટે કોઈને સમજાવવાની જરૂર નહોતી. અમે તેને પહેલેથી જ રોકાવાનું કહ્યું હતું. જો કોઈને અમેરિકી રાષ્ટ્રપતિ કે તેમના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા મનાવવાની જરૂર હતી, તો તે પાકિસ્તાનીઓ હતા. તેને મનાવવો પડ્યો. આપણે યુદ્ધ નથી ઇચ્છતા તેથી આપણને મનાવવાની જરૂર નથી. અમે વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગીએ છીએ. આ મૂળભૂત સંદેશ છે.

થરૂરે કહ્યું, 'અમે ૭ મેના રોજ શરૂઆતથી જ સતત કહ્યું છે કે અમને સંઘર્ષને લંબાવવામાં રસ નથી.' આ કોઈ પણ પ્રકારના યુદ્ધની શરૂઆત નથી. આ ફક્ત આતંકવાદીઓ સામે બદલો છે, બસ. જો પાકિસ્તાને પ્રતિક્રિયા ન આપી હોત, તો અમે પણ પ્રતિક્રિયા ન આપી હોત. ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો છે કે તેમણે જ ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થી કરી હતી. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ અંગે માહિતી આપનારા સૌપ્રથમ હતા. જોકે, ભારતે ટ્રમ્પના દાવાને ફગાવી દીધો હતો. ભારતે કહ્યું કે પાકિસ્તાનના ડીજીએમઓએ તેમના ભારતીય સમકક્ષને ફોન કરીને યુદ્ધવિરામની અપીલ કરી હતી. જે પછી યુદ્ધવિરામ થયો.

શશિ થરૂરે ઇસ્લામાબાદ અને બેઇજિંગ પર કટાક્ષ કરતા કહ્યું, 'મને એ કહેતા દુઃખ થાય છે કે પાકિસ્તાન સરકારે ચીનમાં તેના મિત્રનું નામ હટાવી દીધું છે, તેથી તેનો કોઈ ઉલ્લેખ નથી.' અમે સુરક્ષા પરિષદમાં નથી અને તમે પણ નથી. પાકિસ્તાન પોતાના મિત્ર ચીનની મદદથી દર વખતે આતંકવાદીઓને બચાવવામાં સફળ થાય છે. આપણે એ પરિસ્થિતિ બદલવી પડશે. આપણે બંનેએ કાઉન્સિલમાં સાથે રહેવું જોઈએ. કોંગ્રેસના સાંસદ શશી થરૂરના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળ હાલમાં બ્રાઝિલમાં છે અને કાલે અમેરિકા જવા રવાના થશે. બ્રાઝિલમાં ભારતીય દૂતાવાસના ચાર્જ ડી'અફેર્સ સંદીપ કુમાર કુજુરે બ્રાઝિલિયા એરપોર્ટ પર પ્રતિનિધિમંડળનું સ્વાગત કર્યું.

# દેશમાં કોરોનાના કેસ ૪ હજારને પાર : ૫ મોત

## ૨૪ કલાકમાં ૬૫ નવા કેસ : ૨૨ મેથી, સક્રિય કેસોની સંખ્યા ૨૫૭ થી વધીને ૪,૦૦૦ થી વધુ થઈ

નવીદિલ્હી, તા. ૩

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ ને કારણે પાંચ મૃત્યુ થયા છે, જેના કારણે મંગળવાર, ૩ જૂનના રોજ સક્રિય કેસની સંખ્યા ૪,૦૨૬ થઈ ગઈ છે, જ્યારે એક દિવસ પહેલા આ સંખ્યા ૩,૯૬૧ હતી. આ ૨૪ કલાકમાં ૬૫ નવા કેસનો વધારો દર્શાવે છે. ૨૨ મેથી, સક્રિય કેસોની સંખ્યા ૨૫૭ થી વધીને ૪,૦૦૦ થી વધુ થઈ ગઈ છે, જેમાં કેરળ સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્ય રહ્યું છે, ત્યારબાદ મહારાષ્ટ્ર, ગુજરાત અને દિલ્હીનો ક્રમ આવે છે, એમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તાજેતરના આંકડા દર્શાવે છે. પાંચ મૃતકોમાંથી ચાર વૃદ્ધ વ્યક્તિઓ હતા જેમને પહેલાથી જ ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર અને ન્યુમોનિયા જેવી સ્વાસ્થ્ય સમસ્યાઓ હતી.



કોવિડ-૧૯ના કેસોમાં તાજેતરના વધારાને ધ્યાનમાં રાખીને, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો (UT) એ સલાહકાર જારી કર્યા છે, જેમાં સરકારી અને ખાનગી બંને આરોગ્યસંભાળ સુવિધાઓને સારી રીતે સજ્જ રાખવા વિનંતી કરવામાં આવી છે. આમાં પૂરતા પથારી, ઓક્સિજન પુરવઠો, એન્ટિબાયોટિક્સ અને અન્ય આવશ્યક દવાઓ જાળવવાનો સમાવેશ થાય છે. કર્ણાટકમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને બિન-શિક્ષણ કર્મચારીઓ માસ્ક પહેરેલા અને સાવચેતી તરીકે અંતર જાળવી રાખતા જોવા મળ્યા. દરમિયાન, દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી નમૂના સંગ્રહ, સંગ્રહ કેન્દ્રો અને નમૂનાઓના પરિવહન અંગે લેવામાં આવેલા પગલાં અંગે સ્ટેટસ રિપોર્ટ માંગ્યો છે.

ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) એ શોધી કાઢ્યું છે કે મોટાભાગના કેસ હળવા હોય છે. ઓળખાયેલા સબવેરિઅન્ટ્સમાં LF.7, XFG, JN.1 અને NB.1.8.1નો સમાવેશ થાય છે, જેમાં પહેલા ત્રણ સૌથી વધુ પ્રભાવશાળી છે. વધુમાં, મે ૨૦૨૫ સુધીમાં, વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) એ LF.7 અને NB.1.8 સબવેરિયન્ટ્સને 'નિરીક્ષણ હેઠળના પ્રકારો' તરીકે વર્ગીકૃત કર્યા છે, જે 'ચિંતાના પ્રકારો' અથવા 'રસના પ્રકારો' ની નીચે જ એક હોદ્દો છે.કોરોનાના વધતા જતા કેસ વચ્ચે, છેલ્લા ૨૪ કલાકમાં ૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. કેરળમાં એક ૮૦ વર્ષીય વૃદ્ધનું મોત થયું. તેમને ન્યુમોનિયા, ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર અને હૃદય રોગ હતો. મહારાષ્ટ્રમાં ૭૦ અને ૭૩ વર્ષની બે મહિલાઓના મોત; બંનેને ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર હતું. તમિલનાડુમાં એક ૬૯ વર્ષીય મહિલાનું અવસાન થયું, તેણીને ટાઇપ ૨ ડાયાબિટીસ અને પાર્કિન્સન રોગ હતો. પશ્ચિમ બંગાળમાં ૪૩ વર્ષીય મહિલાનું મોત થયું. તેમને એક્યુટ કોરોનરી સિન્ડ્રોમ, સેપ્ટિક શોક અને કિડનીની તીવ્ર ઈજા હતી. આ પહેલા દિલ્હીમાં ૬૦ વર્ષીય એક મહિલાનું પણ મોત થયું હતું. તે આંતરડાના રોગથી પીડાતી હતી. બાદમાં તેણીને કોવિડનો ચેપ લાગ્યો.

# પંજાબથી પાકિસ્તાની જાસૂસ ઝડપાયો

## પોલીસે ગગનદીપ સિંહ ઉર્ફે ગગનની ધરપકડ કરી : ગગનદીપ છેલ્લા પાંચ વર્ષથી પાકિસ્તાન સ્થિત ખાલિસ્તાની નેતા ગોપાલ સિંહ ચાવલા સાથે સંપર્કમાં હતો

નવીદિલ્હી, તા.૩

પંજાબ કાઉન્ટર ઇન્ટેલિજન્સ પાસેથી મળેલી માહિતીના આધારે, તરનતારન પોલીસે મોટી કાર્યવાહી કરી છે અને એક પાકિસ્તાની જાસૂસની ધરપકડ કરી છે. પોલીસે ગગનદીપ સિંહ ઉર્ફે ગગનની ધરપકડ કરી છે. તે મોહલ્લા રોડુપુર, ગલી નઝર સિંહ વાલીનો રહેવાસી છે. ગગનદીપ પર પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI અને ખાલિસ્તાની સમર્થક ગોપાલ સિંહ ચાવલા સાથે સંપર્કમાં હોવાનો આરોપ છે. આરોપ છે કે તે સેના સંબંધિત સંવેદનશીલ માહિતી લીક કરી રહ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ગગનદીપ છેલ્લા પાંચ વર્ષથી પાકિસ્તાન સ્થિત ખાલિસ્તાની નેતા ગોપાલ સિંહ ચાવલા સાથે સંપર્કમાં હતો. ચાવલા દ્વારા, તેનો પરિચય પાકિસ્તાની ગુપ્તચર અધિકારીઓ સાથે થયો, જેમની સાથે તે સતત સંપર્કમાં હતો. તે તેની પાસેથી પૈસા પણ મેળવતો હતો. તપાસ દરમિયાન, આરોપી પાસેથી એક મોબાઇલ ફોન મળી આવ્યો હતો. આ ફોનમાં ભારતીય સેનાની તૈનાતી, વ્યૂહાત્મક સ્થળો અને કામગીરી સંબંધિત ગુપ્ત માહિતી હતી. ફોનમાંથી ૨૦ થી વધુ ISI એજન્ટોના સંપર્ક નંબરો પણ મળી આવ્યા હતા.



પોલીસે આરોપીઓ વિરુદ્ધ તરનતારનના સિટી પોલીસ સ્ટેશનમાં ઓફિશિયલ સિક્રેટ્સ એક્ટ હેઠળ એફઆઈઆર નોંધી છે. વધુમાં, સમગ્ર જાસૂસી નેટવર્કનો પર્દાફાશ કરવા માટે સઘન નાણાકીય અને તકનીકી તપાસ ચાલી રહી છે. પંજાબ પોલીસે એક નિવેદન જારી કરીને કહ્યું કે તે રાષ્ટ્રની સાર્વભૌમત્વ અને અખંડિતતાના રક્ષણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે અને રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ કોઈપણ વ્યક્તિને બક્ષવામાં આવશે નહીં. પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, જ્યારે ગગનદીપની પૂછપરછ કરવામાં આવી અને તેના મોબાઇલની તપાસ કરવામાં આવી, ત્યારે તેમાં લગભગ બે ડઝન પાકિસ્તાની ISI લોકોના નંબર મળી આવ્યા. જોકે, ગગનદીપની વાતચીત પણ વિવિધ એપ્લિકેશનો દ્વારા ચેટિંગ પર સતત થઈ રહી હતી જેને તાત્કાલિક ડિલીટ પણ કરવામાં આવી હતી. જો પોલીસ સૂત્રોનું માનીએ તો, તેમને રિકવર કરવાની પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ કરવામાં આવી છે. તેના મોબાઈલ ફોનમાંથી આવા ઘણા વીડિયો અને ફોટોગ્રાફ્સ મળી આવ્યા છે, જેમાં ભારતીય સેનાના ઘણા સંવેદનશીલ સરહદી વિસ્તારો અને ચોકીઓના વીડિયો પણ મળી આવ્યા છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, તે લાંબા સમયથી પાકિસ્તાનની ISI સાથે મળીને કામ કરી રહ્યું છે અને તાજેતરના સમયમાં તેને ઘણું ભંડોળ મળ્યું છે.

ડીજીપીએ જણાવ્યું હતું કે તેમની પાસેથી ગુપ્ત માહિતી ધરાવતો મોબાઇલ ફોન મળી આવ્યો હતો અને તેમણે આ માહિતી પીઆઈઓ સાથે શેર કરી હતી. તેમણે કહ્યું કે મોબાઇલમાંથી ૨૦ થી વધુ ISI સંપર્કોની વિગતો પણ મળી આવી છે. ડીજીપીએ જણાવ્યું હતું કે અન્ય કડીઓ શોધવા અને આ જાસૂસી નેટવર્કના સંપૂર્ણ અવકાશને શોધવા માટે ઊંડાણપૂર્વકની નાણાકીય અને તકનીકી તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે તરનતારન શહેર પોલીસ સ્ટેશનમાં ઓફિશિયલ સિક્રેટ્સ એક્ટ હેઠળ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે અને વધુ તપાસ ચાલી રહી છે.

## શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# અભિયાન (બોધકથા)

## મયંક ને શું થયું હતું? અને શેઠ રમણલાલ એને સહય કરીને શેનું પ્રાયશ્ચિત કરતાં હતાં?



સમગ્ર વિશ્વમાં વિકાસ તો પ્લેનની ગતિએ થાય છે, પણ આધુનિક સમયમાં વ્યસનનું જોર પણ એટલી જ ઝડપે વધતું જાય છે! એ ચિંતિત કરનારું છે. પહેલાં,પાન મસાલા અને ગુટકા બીડી સિગારેટ વગેરે વ્યસનોની આદત હોય એ વ્યસની કહેવાતા, પણ આજે તો દારુ વીડ અને ડ્ર્ગ્સ અને એમાં પણ વિવિધતા! સિગારેટમાં પણ ઈ સિગારેટનું નવું ઉપાર્જન શરુ થયું છે, અને વિદ્યાર્થીઓ માટે આ બધું સાવ આસાનીથી ઉપલબ્ધ થતું હોયને દર વર્ષે તમાકુના સેવનથી લાખો લોકોનાં મરણ થાય છે, અને છતાં એનું કોઈ નિરાકરણ થતું નથી. પણ આજે હું બુધવારની બોધકથામાં એક એવો કિસ્સો લાવી છું! જે કંઈક અલગ છે, અને આ રીતે પણ સમાજ સુધારો થઈ શકે.

મયંક અને મુકેશ બંને ચાલીમાં રહેતા હતાં, બંનેની ભાઈબંધી પણ ઘણી જૂની હતી! એકબીજા એકબીજાને બહુ સારી રીતે ઓળખતાં હતાં. આજે બંને ફેક્ટરી માંથી પાછાં ફરતાં હતાં! પણ મયંક આજે સાવ ચૂપ હતો. મુકેશ એને પુછતો હતો શું થયું? ભાભી સાથે ઝઘડો થયો! કે પછી ટિફિનમાં જમવાનું સારુ નહોતું મુક્યું! આમ કેટલુંય પુછ્યુ પણ મયંક બોલ્યો નહીં! એટલે એણે પુછ્યું બોલને શું થયું?

છતાં એ બોલ્યો નહીં એટલે માવો ધરતાં કહ્યું લે ૧૩૫ નો છે, લગાવ! મજા આવી જશે!; એમ કર આજે બીડી પી લે! સમસ્યાનો ધૂમાડો થઈ જશે! એમ કરી હસવા લાગ્યો. ત્યાં તો મયંકે બીડી અને માવો ગુસ્સાથી ફેંકીને કહ્યું બધી સમસ્યાઓનું મૂળ આ જ છે! મુકેશે પુછ્યુ એટલે?

બે ત્રણ દિવસથી શાક તીખું લાગતું હતું, એટલે થયું મોઢું આવી ગયું હશે! બે દિવસ પછી દાઢ પૂરી થાય ત્યાં એક ચાંદુ દેખાયું! એટલે થયું કે દવા લઈ લઉં! કારણકે મોળું મોળું ભાવતું નહોતું. એટલે ગલીનાં નાકે નાનકડી ઓરડીમાં દવાખાનું ચલાવતાં, જગદીશ જોષી પાસે ગયો તો કહે! દવા તો આપું છું, પણ એક ચિઠ્ઠી લખી આપું છું ત્યાં દેખાડી આવજે. ચિઠ્ઠીમાં ડોક્ટર દર્શન ઉપાધ્યાયને કંઈક ટેસ્ટ લખ્યા હતા. એક અઠવાડિયા પછીની એપોઈન્ટમેન્ટ આપી મેં કહ્યું મને બહુ તકલીફ છે! તો કહ્યું કે એક્સ્ટ્રા ઈમર્જન્સી ચાર્જ લાગશે! સર ની ફી ૧૫૦૦ +૫૦૦ એટલે ૨૦૦૦ થશે! આ મહિને તારી ભાભીનો જન્મ દિવસ આવે છે, એટલે થોડાં બચાવ્યા હતા! એ આમાં વાપરી નાખ્યા! પણ ડોક્ટર દર્શન ઉપાધ્યાય એ તપાસીને જે કહ્યું, એ સાંભળીને ભૂખ તરસ સુખ ચેન નીંદર બધું ઉડી ગયું!: એણે કહ્યું કે ગલોફાના કેન્સરની શરૂઆત થઈ ગઈ છે અને તાત્કાલિક ઓપરેશન કરવું પડશે,તમે સમયસર આવી ગયા છો, એટલે જાનનું જોખમ નથી,પણ રૂપિયા પાંચ લાખ થશે?; હવે એક મિલ મજૂર આટલાં રુપિયા ક્યાંથી કાઢે! નાની ઢીંગલીનાં જન્મને હજી વરસ પણ થયું નથી, અને તારી ભાભી પણ હજી ૨૪ ની જ છે! બા ને વંશ વધારવાની પડી છે!; એને કેમ સમજાવું કે આ મોંઘવારીમાં હવે બીજું સંતાન પોષાય એમ નથી, ત્યાં આ ખર્ચ! બા એ શહેરની આ હાઉસિંગ સોસાયટીના મકાન માટે રુપિયા આપીને કહ્યું કે, લલ્લા હવે આ બે દાગીના છે, એ નાની ને આપીશ! એણે રહેવા ઘર પણ રાખ્યું નહીં, તેમજ અહીં સાથે પણ રહેતી નથી, ભાડાની એક ઓરડીમાં રહીને ખેતરનાં કામ કરી પોતાનું જીવન ચલાવે છે. મુકેશે કહ્યું કે તો ભાભીનાં પિયર વાત કરી જો! સંકટ સમયે સગું કામ ન આવે તો ક્યારે આવે? મુકેશે બહુ ખેદ સાથે કહ્યું, યાર આવડી મોટી રકમ તો હું પણ ક્યાંથી કાઢું! એક કામ કરીએ શેઠને વાત કરીએ! મયંકે કહ્યું મને નથી લાગતું એ લોભિયો કંઈ આપે નહીં !

મુકેશના કહેવાથી અંતે પહેલાં શેઠ આગળ જવાનું નક્કી કર્યું!: મયંકે ડરતા ડરતા પાંચ લાખની લોનની વાત કરી! એમણે પુછયુ શું કામ લોન લેવી છે? મયંક કંઈ રીતે કહેવું એનાં શબ્દો શોધતો હતો, ત્યાં મુકેશે જ કહી દીધું કે શેઠ મયંકને કેન્સર થયું છે, અને ઓપરેશન માટે રુપિયા જોઈએ છીએ! કંજૂસ દેખાતા શેઠ રમણલાલ એ ઘડીકમાં રુપિયા પાંચ લાખનો ચેક લખી આપ્યો! અને કહ્યું કે આ રુપિયા હું લોન પેટે નથી આપતો ! સહાય પેટે આપું છું, પણ હું એક અભિયાન ચલાવું છું, અને એમાં તમારે મદદ કરવાની છે. મારી એક બે શરત છે! પહેલી શરત કે હવે પછી ક્યારેય તમાકુનું સેવન નહીં કરું, એવું વચન આપવાનું, બીજું તમારાં મિત્ર વર્તુળ કે સંગા સંબંધીઓમાં જેને તમાકુની ટેવ હોય એને આ રોગની ગંભીરતા સમજાવવાની જવાબદારી લેવાની! ઓછામાં ઓછાં પાંચ વ્યક્તિને તમાકુની ટેવ છોડાવવાની અને જો શક્ય હોય તો કોઈનું ઓપરેશન થતું હોય, ત્યારે જેટલી આર્થિક સહાય થાય એ કરવાની! અને જો આ શરતોનું પાલન કરી શકો નહીં તો, છ મહિનામાં આ રકમનાં ડબ્બલ રુપિયા મને પાછાં જમા કરાવવાનાં! બોલો છે શરત મંજૂર? તો આ ચેક આ જ મિનિટે તમારો! મયંક સીધો શેઠનાં પગમાં પડી ગયો અને કહ્યું કે મને બધી શરત મંજૂર છે. મુકેશે પુછ્યુ શેઠ ખરાબ નહીં લગાડતાં, પણ વાત વાતમાં પચાસ, સો રુપિયા, ભૂલ પેટે અમારા કાપી લ્યો છો! અને આજે કંઈ તપાસ વગર આમ જ ચેક લખ્યો? શેઠે કહ્યું કે મારે પણ તમારી જેવો એક દિકરો હતો, રોનક એનું નામ! મારી પત્ની એનાં જન્મ પછી બહુ જીવી નહીં! અને એટલે મને એની તરફ દુર્ભાવ થયો! આમ પણ નવો નવો ધંધો હતો, એટલે હું વધુ વખત ફેક્ટરી અને એનાં કામમાં વ્યસ્ત રહેતો, અને એ અમારા ચોકીદાર કાનજીનાં દીકરા મનુ સાથે ઉછેરવા લાગ્યો! કાનજીને બીડીની ટેવ હતી, અને એ બંને બીડી ચોરી ચોરીને પીતા હતા! પછી તો એ મોટો થયો! મારી પાસે એને આપવાં રુપિયા સિવાય કંઈ હતું નહીં! ક્યારેય વિચાર્યું જ નહીં કે આવડી ઉંમરમાં આટલાં રુપિયાનું એ શું કરે છે? અને એમ એને સિગારેટ અને તમાકુ વાળા ગુટકા કે પડીકીની ટેવ પડી ગઈ. એને પણ કેન્સર થયું! અને ડોક્ટરે જ્યારે મને કહ્યું ત્યારે એ છેલ્લા સ્ટેજમાં હતું, અને એક દિવસ એ આ દુનિયા છોડી ચાલ્યો ગયો! પણ પોતાની મમ્મી એના જન્મ પછી ગુજરી ગઈ એમાં મારી ભૂલ શું હતી? એ પ્રશ્નાર્થ વાળી એની આંખો મને સૂવા દેતી નહોતી! થોડા સમય પછી એક સવારે કાનજી આવ્યો અને કહ્યું શેઠ મનુ ને કેન્સર થયું છે, અને ઓપરેશન... મેં તરત ચેક બુક કાઢી અને બ્લેન્ક ચેક લખી આપી દીધો. ઈશ્વરનું કરવું અને મનુ બચી ગયો! અને મને પેલી આંખોમાં મારી માટે આભાર દેખાયો! પહેલીવાર મને રાતભર નીંદર આવી, અને મને જીવવાનું કારણ મળી ગયું. દર વર્ષે આ રીતે ઓછામાં ઓછાં દસને મદદ કરવી! એની પાસે આ રીતે શરત મુકવી અને એ શરતોના પાલનથી કેટલાંય બાપની ટેકણલાકડી બચાવવી, કેટલીય સ્ત્રીઓને વિધવા થતી બચાવવી, અને એમના બાળકોને અનાથ થતાં બચાવવા એજ મારું પ્રાયશ્ચિત છે.

તો મિત્રો તમાકુનું વ્યસન બહુ જ જીવલેણ સાબિત થાય છે, અને એનાથી થતાં મૃત્યુનો દર વધતો જ જાય છે ! છતાં વપરાશમાં કોઈ ઓટ નથી! ઉલટું બમણું વેંચાય છે, ત્યારે શેઠ રમણલાલ જેમ સમાજ સુધારવાની કોશિશ કોઈ કરે તો એને વંદન કરવા ઘટે!: અને વ્યસનીને જ્યાં સુધી પોતાની પીઠે લાકડી નહી પડે ત્યાં સુધી એને સમજાશે નહીં, એ આ જ રીતે સુધરશે.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

# શહેરમાં ૩ હજારથી વધુ જર્જરિત મકાન, ખાલી કરવા નોટિસ

## મિલકતધારકોને મિલકતની મરામત કરવા મ્યુનીસિપલ કમિશનરનો આદેશ : સરકારી ક્વાર્ટરનો પણ સમાવેશ

રાજકોટ, તા. ૩

મહાનગરપાલિકા વિસ્તારમાં ઘણી એવી મિલકતો છે જે સંપૂર્ણ જર્જરિત હાલતમાં હોય અને ચોમાસા દરમિયાન કોઈ દુર્ઘટના ન સર્જાઈ તે માટે આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે ચોક્કસ માહિતી મેળવવા આવી હતી અને આશરે ૩ હજારથી વધુ મિલ્કતોને ઓળખી પાડવામાં આવી હતી. હાલ આ અંગે ખાસ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો અને નોટિસોની બજવણી કરવામાં આવી હતી. મનપાનો હેતુ એજ છે કે ચોમાસા દરમિયાન કોઈ જર્જરિત મિલકત કોઈ પ્રશ્ન ન ઉભો કરે તે માટે આ પગલું લેવામાં આવ્યું.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૩,૦૦૦થી વધુ જર્જરિત મકાનો અને આવાસોને નોટિસ પાઠવવામાં આવી છે. આ કાર્યવાહીનો મુખ્ય હેતુ ચોમાસા દરમિયાન સંભવિત દુર્ઘટનાઓને ટાળવાનો છે. મનપા દ્વારા સેન્ટ્રલ, ઈસ્ટ અને વેસ્ટ ઝોનમાં આવેલા આવા ભયગ્રસ્ત બાંધકામોના માલિકોને નોટિસો આપી જર્જરિત ભાગો દૂર કરવા અથવા બાંધકામ મજબૂત કરવા સુચના આપી છે. મહાનગરપાલિકા દ્વારા શહેરના ત્રણેય ઝોનમાં સર્વે કરીને ભયગ્રસ્ત મકાનોની યાદી તૈયાર કરવામાં આવી છે. આ



યાદી મુજબ કુલ ૩,૦૧૬થી વધુ મકાનોને નોટિસ આપવામાં આવી છે, જેમાં સરકારી ક્વાર્ટર પણ સામેલ છે.

જર્જરિત બાંધકામોની ઝોનવાઈઝ વિગતો જોઈએ તો સેન્ટ્રલ ઝોનમાં ૫૯૫ મિલકતો પૈકી ૫૪૬ મિલકતોને નોટિસ પાઠવવામાં આવી છે. અને બાકીની લગભગ ૫૦ જેટલી મિલકતોને નોટિસ આપવાની કામગીરી ચાલી રહી છે. જ્યારે વેસ્ટ ઝોનમાં સૌથી વધુ ૨,૪૦૮ મિલકતોને નોટિસ આપવામાં આવી છે. તો ઈસ્ટ આ ઝોનમાં ૫૮ મિલકતો જર્જરિત હોવાથી તમામને નોટિસ પાઠવવામાં આવી છે. આ નોટિસોમાં લલુડી વોંકળીના આશરે ૭૦૦ મકાનો અને ગોકુલધામ સહિતની આવાસ યોજનાના ક્વાર્ટરનો પણ સમાવેશ થાય છે. મનપાની ટીમો દ્વારા સ્થળ સર્વે કરીને આ નોટિસો આપવામાં આવી છે. ગોકુલધામ આવાસ યોજનાના ક્વાર્ટર છખ્ખઈ હસ્તક આવતા હોવાથી તેમાં રહેતા લોકોને વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડવામાં આવશે. અન્ય તમામ જર્જરિત બાંધકામો ચોમાસા પહેલા ખાલી કરાવવામાં આવે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું કે, શહેરમાં ઘણી ઈમારતો ખૂબ જ જૂની અને ભયગ્રસ્ત હાલતમાં છે. જાહેર જનતાના હિતમાં આવી ઈમારતોને ભયમુક્ત કરવી અત્યંત જરૂરી છે. મહાનગરપાલિકા દ્વારા આવી ઈમારતોની વ્યક્તિગત મુલાકાત લઈને લેખિત અને મૌખિક સૂચનાઓ આપવામાં આવી છે. તેમ છતાં ઘણા મિલકતધારકો, માલિકો, ભાડુઆતો અને કબજેદારો દ્વારા ભયમુક્ત કરવાની કામગીરીમાં ઢીલ રાખવામાં આવી રહી છે. આથી હાલ ચોમાસાની ઋતુ શરૂ થાય તે પહેલા તમામ મિલકતધારકોને સ્વૈચ્છિક રીતે ભયગ્રસ્ત ભાગ દૂર કરવા નોટિસો પાઠવી દેવામાં આવી છે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે સ્પષ્ટતા કરી હતી કે, મહાનગરપાલિકા દ્વારા દર ચોમાસા પહેલા જર્જરિત આવાસો ખાલી કરાવવામાં આવે છે. આ અંતર્ગત જ ત્રણેય ઝોનના અલગ-અલગ વિસ્તારોમાં આવા બાંધકામોને ખાલી કરવા નોટિસો પાઠવી દેવામાં આવી છે. જેમાં ત્રણેય ઝોન મળીને કુલ ૩૦૧૬ મકાનોને નોટિસ આપવામાં આવી છે. તેમણે ખાતરી આપી હતી કે, સમગ્ર મામલે ગોકુલધામ આવાસ યોજના સહિતના તમામ સ્થળોએ વસવાટ કરતા લોકો માટે જરૂર પડ્યે વૈકલ્પિક વ્યવસ્થા પણ કરવામાં આવશે.

# જિલ્લામાં ૧૫ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર કાર્યરત

## કલેકટર પ્રભાવ જોશીએ ૧૫ નાયબ મામલતદારની ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં કરી બદલી



રાજકોટ, તા. ૩

ચોમાસુ આગામી થોડા સમયમાં જ ગુજરાત અને ખાસ તો સૌરાષ્ટ્ર અને રાજકોટમાં દસ્તક દેશે ત્યારે એ સ્થિતિને પહોંચી વળવા માટે હાલ સ્થાનિક પ્રશાસન દ્વારા તમામ જરૂરી પગલાઓ અને આયોજન હાથ ધરવામાં આવ્યા છે અને તકેદારીના ભાગરૂપે રાજકોટ જિલ્લામાં ૧૫ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર પણ શરૂ કરાયા છે જેથી કોઈપણ પ્રકારની આપત્તિ ઊભી થાય તો તેને પહોંચી વળવા માટે તંત્ર યોગ્ય કાર્ય કરી શકે. વાવાઝોડું પૂર કે પછી અન્ય કોઈ આફતમાં લોકો ને તકલીફનો સામનો ન કરવો પડે તે માટે રાજકોટ કલેકટર દ્વારા આ અંગે નિર્ણય લેવામાં આવ્યો છે.

આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને સંભવિત વાવાઝોડું, પૂર, અને અતિભારે વરસાદ જેવી પરિસ્થિતિઓમાં રાહત અને તકેદારીના પગલાં લેવા માટે રાજકોટ જિલ્લામા ૧૫ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરો કાર્યરત કરવામાં આવ્યા છે. જે ૧ જૂન ૨૦૨૫ થી ૩૦ નવેમ્બર ૨૦૨૫ સુધી કાર્યરત રહેશે. જાહેર નોકરીના હિતાર્થે અને વહીવટી સરળતા ખાતર નાયબ મામલતદાર સંવર્ગના કર્મચારીઓની બદલી અને નિમણૂકના આદેશો કલેકટર, રાજકોટ દ્વારા જારી કરવામાં આવ્યા છે.

કલેકટર કચેરી, રાજકોટ દ્વારા બહાર પાડવામાં આવેલ યાદી મુજબ મિનેષકુમાર ડી. ભાવસાર (નાયબ મામલતદાર, કલેકટર કચેરી, રાજકોટ), સરફરાઝ એચ. મલેક (નાયબ મામલતદાર, મામલતદાર કચેરી, રાજકોટ શહેર પૂર્વ), અને યોગેશકુમાર ડી. સોનપાલ (નાયબ મામલતદાર, જિલ્લા પુરવઠા કચેરી, રાજકોટ) તેમજ શૂભમ ચાવડા (ના. મામલતદાર, અઝટઝ), કિરીટસિંહ ઝાલા (ના. મામલતદાર, રાજકોટ તાલુકા) સહિત ૧૫ નાયબ મામલતદારોને ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં બદલીને નિમણૂક આપવામાં આવી છે. આ કર્મચારીઓ તેમનો હાલનો પગાર અને ભથ્થાઓ મેળવશે.

### સરકારની નવતર પહેલ : બે લાખથી વધુ રેશનકાર્ડ ધારકોના ઘરે બેઠા ઈ-કેવાયસી પૂર્ણ

# રેશનકાર્ડ ધારકો પોસ્ટમેનની મદદથી ઘરે બેઠા નિશુલ્ક ઈ-કેવાયસી કરાવી શકશે

રાજકોટ, તા..૩

ગુજરાત સરકાર દ્વારા રેશનકાર્ડ ધારકોને સબસિડીયુક્ત અનાજ મળતું રહે તેની સતત પાત્રતા સુનિશ્ચિત કરવા માટે ઇ-કેવાયસી પ્રક્રિયા ફરજિયાત કરવામાં આવી છે. જે અંતર્ગત તમામ રેશનકાર્ડ ધારકોને ૩૦ જૂન ૨૦૨૫ સુધીમાં ઇ-કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે. રાજ્યમાં અનાજ વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શક અને સરળ બનાવવાની દિશામાં ગુજરાત સરકારની આ પહેલ એક મહત્વપૂર્ણ સિદ્ધિ માનવામાં આવી રહી છે. હવે આ અભિયાનમાં ટપાલ વિભાગ પણ મહત્વની ભૂમિકા નિભાવશે.

સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, ભારતીય ડાક વિભાગ અને ગુજરાત સરકારના ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગ વચ્ચેના એક મહત્વપૂર્ણ કરાર હેઠળ, ટપાલ વિભાગ કોઈપણ ચાર્જ વિના ઘરે રેશનકાર્ડ ધારકોને ઇ-કેવાયસીની સુવિધા પૂરી પાડી રહ્યું છે. અત્યાર સુધીમાં, ડાક વિભાગ દ્વારા બે લાખથી વધુ રેશનકાર્ડ ધારકોના ઘરે બેઠા ઇ-કેવાયસી પૂર્ણ કરવામાં આવ્યું છે. આ યોજનાના લાભ ખાસ કરીને એન.એફ.એસ.એ. રેશનકાર્ડ ધારકોને મળશે. આ સેવા ગુજરાત રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સ્થિત ૮૮૦૦થી વધુ પોસ્ટ ઓફિસો દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે. પ્રત્યેક રેશનકાર્ડ



ધારકોના ઇ-કેવાયસી ઝડપથી પૂર્ણ કરવા માટે, ડાક કર્મચારીઓ લાભાર્થીઓના ઘરે જઈને તેમને સેવા પૂરી પાડી રહ્યા છે. આ ઉપરાંત, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી સાથે સંકલન કરીને, તેઓ રેશનની દુકાનો અને સમુદાય શિબિરોમાં ઇ-કેવાયસીની સેવા પણ પૂરી પાડી રહ્યા છે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, ડાક વિભાગ પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકો દ્વારા ઘરે બેઠા આધારમાં મોબાઈલ નંબર અપડેટ કરવાની સુવિધા પણ પૂરી પાડી રહ્યું છે. જો કોઈ પણ રેશનકાર્ડ ધારકનો મોબાઈલ નંબર આધારમાં અપડેટ ન થયો હોય, તો ડાક વિભાગ પહેલા આધાર સેવા હેઠળ તેનો મોબાઈલ નંબર અપડેટ કરશે અને બાદમાં તે રેશનકાર્ડ ધારકનું ઈ-કેવાયસી કરશે. જો કોઇ કારણસર હાજર ડાક કર્મીઓ સાથે સંપર્ક ન થાય, તો આ સેવાનો લાભ લેવા માટે, રેશનકાર્ડ ધારક તેમની નજીકની પોસ્ટ ઓફિસનો સંપર્ક કરી શકે છે. આ પહેલ ડિજિટલ ઇન્ડિયા અને સુલભ શાસન તરફ એક મોટું પગલું છે, જેના દ્વારા વૃદ્ધ વ્યક્તિઓ, દિવ્યાંગજનો, બીમાર વ્યક્તિઓ અને મહિલાઓને ટેકનોલોજી દ્વારા સરળ અને ગૌરવપૂર્ણ સેવા મળી રહેશે.

### એક પેડ માં કે નામ વૃક્ષારોપણ અભિયાનનું એક વર્ષ

# CMએ ૧૭.૪૮ કરોડ રોપાના વાવેતરમાં મેળવી સિદ્ધિ

રાજકોટ, તા. ૩

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પૃથ્વીમાતાને હરિયાળા વૃક્ષોથી આચ્છાદિત કરીને પર્યાવરણ જાળવણી અને આપણી જીવનદાત્રી માતાની સ્મૃતિ જોડવાની પ્રેરણા સાથે એક પેડ માં કે નામ વૃક્ષારોપણ અભિયાનની દેશવ્યાપી શરૂઆત વિશ્વ પર્યાવરણ દિવસ ૫ જૂન, ૨૦૨૪થી કરાવી છે. વડાપ્રધાનએ દેશવાસીઓને પોતાની માતાઓ માટેના પ્રેમ, આદર અને સન્માનના પ્રતિકરૂપે એક વૃક્ષ વાવવા અને ધરતી માતાનું ગ્રીન કવર વધારવા ૨૦૨૪ના વિશ્વ પર્યાવરણ દિવસે આહવાન કર્યું હતું. આ અભિયાનને પાંચ જૂન, ૨૦૨૫ના એક વર્ષ પૂર્ણ થવાનું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્વયં નવી દિલ્હીમાં બુદ્ધ જયંતી પાર્કમાં પીપળાના વૃક્ષના વાવેતરથી આ રાષ્ટ્રવ્યાપી અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.

એક પેડ માં કે નામ અંતર્ગત સમગ્ર દેશમાં ૧૪૦ કરોડ રોપાના વાવેતરનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું હતું. દેશભરમાં વ્યક્તિઓ, સંસ્થાઓ, સમુદાય આધારિત સંસ્થાઓ તથા કેન્દ્ર અને રાજ્ય સરકારના વિભાગો અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓએ લોકભાગીદારી જોડીને આ અભિયાનને જન આંદોલન બનાવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં ગુજરાતે એક પેડ માં કે નામ અભિયાનમાં ૧૭ કરોડ ૪૮ લાખ રોપાના વાવેતરથી દેશના રાજ્યોમાં આ અભિયાનની લક્ષ્યાંક સિદ્ધિમાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલા આ એક પેડ માં કે નામ અભિયાનમાં સમગ્ર ગુજરાતે વ્યાપક પ્રતિસાદ આપીને શહેરી વિસ્તારમાં ૧૫.૭૨ કરોડ તથા ગ્રામ્ય ક્ષેત્રોમાં ૧.૭૬ કરોડ રોપાઓનું વાવેતર જનશક્તિને જોડીને કર્યું છે. કચ્છ જિલ્લામાં આ અભિયાન અંતર્ગત સૌથી વધુ ૨ કરોડ ૯૫ લાખ રોપા વાવવામાં આવ્યા છે. આ અભિયાનની દેશવ્યાપી પ્રગતિનું નિરીક્ષણ મેરી લાઈફ પોર્ટલ દ્વારા થાય છે. આ હેતુસર વૃક્ષારોપણના જીઓ ટેગ

### દેશમાં બીજા સ્થાને : કચ્છમાં સૌથી વધુ ૨.૯૫ કરોડ રોપા વાવ્યા



કરેલા ફોટા અને વિડીયો અપલોડ કરવામાં આવે છે. ગુજરાત દ્વારા આવા ૧૭ કરોડ ૪૮ લાખ ૩૪ હજાર ૮૨૦ છોડ-રોપા ફોટો પોર્ટલ પર અપલોડ કરવામાં આવ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક પેડ માં કે નામ અભિયાન સાથોસાથ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ગાઢ વન નિર્માણ માટેની મિયાવાકી પદ્ધતિથી માતૃવન - વનકવચ તૈયાર કરવાનું પણ આહવાન કર્યું છે. ગુજરાતમાં ૨૦૨૪માં ૭૫માં વન મહોત્સવ અન્વયે ૫૫૦૦ ગામડાઓમાં માતૃવન ઊભા કરવામાં આવ્યા છે. આ ઉપરાંત વન કવચ યોજના તહેત મિયાવાકી પદ્ધતિથી કુલ ૧૦ હજાર રોપાઓનું ૧૩૧ મીટરના અંતરે વાવેતર કરીને ૨૦૨૪-૨૫ના વર્ષમાં ૨૦૦ હેક્ટર વિસ્તારમાં ૧૨૨ વન કવચ તૈયાર કરવામાં આવેલા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ અનુસાર વન મંત્રી મુળુભાઈ બેરા અને રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલના નેતૃત્વમાં વન વિભાગે આ વર્ષે એક પેડ માં કે નામ ૨.૦ અંતર્ગત ૨૦૨૫-૨૬ના વર્ષ દરમિયાન શહેરો-ગામો મળીને કુલ ૪૨૫ હેક્ટર વિસ્તારમાં માતૃવન- વન કવચ નિર્માણ પર ફોકસ કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને ભારતીય સેનાના જવાનોના શૌર્યથી સફળ થયેલા ઓપરેશન સિંદૂરની સ્મૃતિ લોકોમાં સદા જીવંત રાખવા ગુરૂવાર, પાંચમી જૂન ૨૦૨૫ના વિશ્વ પર્યાવરણ દિવસે અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા મિશન ૪ મિલિયન ટ્રીઝ૨૦૨૫ અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સિંદૂર વન નિર્માણનો પ્રારંભ થશે.

આ હેતુસર, અમદાવાદ મહાનગરપાલિકાના ઉત્તર-પશ્ચિમ ઝોનના ચાંદલોડિયા વિસ્તારમાં જગતપુર બ્રિજ પાસેના પ્લોટમાં ૫ હજાર ચોરસ મીટર જગ્યામાં સિંદૂરના ૫૫૧ વૃક્ષોના સિંદૂર વન સહિત ૧૨ હજાર વૃક્ષો સાથેનો ઓક્સિજન પાર્ક ઉભો કરવામાં આવશે. આ ઉપરાંત આગામી ગુરૂવારે વિશ્વ પર્યાવરણ દિવસના ઉપલક્ષમા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વન મંત્રી મુળુભાઈ બેરા, રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલ અને મહાનુભાવો ગાંધીનગરમાં નવા સચિવાલય પ્રાંગણમાં નિર્માણ થનારા માતૃવન - વન કવચમાં વૃક્ષારોપણ કરશે.







### કોઠારીયા રોડ પર આવેલ બીલી પત્ર પાર્ટી પ્લોટ પાસેનો બનાવ

# વધુ એક હિટ એન્ડ રનનો બનાવ : ખોખળદળ મેલડી માઁ ના મંદિરે પગપાળા જતા ચાર યુવાનોને પિક-અપ વાહને 'ફૂટબોલ કર્યા'

રાજકોટ તા.૩

ગત મોડી રાતે ૧૧:૩૦ વાગ્યાં આસપાસ કોઠારીયા રોડ પર અકસ્માતની ઘટના બની હતી. બંધ વાળા મેલડી માં ના મંદિરે પગપાળા જતા ફાયર બ્રિગેડના જવાનો સહિત ચાર યુવાનોને પિક અપ વાહને અડફેટે લઈને ફરાર થઈ ગયો હતો. જેમાં એક યુવક થોડા અંતર સુધી ઢસડાયો હતો જેમાં તેને પીઠના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી અકસ્માતમાં કોઈ જાનહાની થઈ ન હતી. વધુ સારવાર માટે ઈજાગ્રસ્તોને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. પોલીસે ગુન્હો નોંધી હિટ એન્ડ રન કરનાર વાહન ચાલકની શોધખોળ પોલીસે શરૂ કરી હતી.

રાત્રે ઈજાગ્રસ્તોના પરિવાર જનો પાસેથી મળતી માહિતી મુજબ,૨૫ વર્ષીય વિશાલભાઈ સાદુરભાઈ ભરવાડ,અર્જુનભાઈ ભરવાડ,લખમણભાઈ આલાભાઇ ભરવાડ અને જયેશ ખીંટ નામના ચારેય યુવાનોને સિવિલ હોસ્પિટલમાં ખાતે દાખલ કરવામાં આવ્યાં હતાં.

અર્જુનભાઈ અને લખમણ ભાઈ ભરવાડ કોઠારીયા રોડ ફાયર સ્ટેશનમાં ફરજ બજાવે છે. ચારેય મિત્રોએ પગપાળા ચાલીને ખોખળદળ ગામે આવેલ બંધ વાળા મેલડી માતાજીના મંદિરે ચાલીને પગે લાગવા જવાનું નક્કી કર્યું હતું. ગત રાત્રે ચારેય ચાલીને જઈ રહ્યા હતા ત્યારે કોઠારીયા રોડ પર આવેલ બિલિપત્ર પાર્ટી પ્લોટ નજીક ૧૧:૩૦ વાગ્યા આસપાસ પૂરપાટ ઝડપે આવેલા પિકઅપ વાહને ચારેયને જોરદાર ટક્કર મારી ને અડફેટે લીધા હતાં.

બનાવ બાદ અજાણ્યો વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. જે પછી ૧૦૮માં ઈજાગ્રસ્તોને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવના પગલે આજીડેમ પોલીસે અજાણ્યા વાહન ચાલકને સીસીટીવી ના આધારે પકડી પાડવા કાર્યવાહી શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે.

# PDM નજીક ૮૫૫૦૦ના મુદ્દામાલ સાથે બેલડી પકડાઈ

### રીક્ષામાં ઉલ્ટી ઉબકા નાટક કરી પેસેન્જરનું કામ બતાવતી રિક્ષા ગેંગ જબ્બે ત્રણ ચોરીની પણ કબૂલાત આપી : માલવીયાનગર પોલીસને મળી સફળતા

રાજકોટ તા.૩

આવવામાં પોલીસને બાતમી મળી હતી કે ધનજી ઉર્ફે કાળો અને સુનિલ રિક્ષામાં પેસેન્જરને ઠગી રહ્યા છે. જે બાદ અગાઉ ૧૫ જેટલા ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલ ધનજી ઉર્ફે કાળા ને પકડવામાં પોલીસને સફળતા મળી હતી.

પોલીસે આરોપીઓને પીડી માલવ્યા કોલેજ પાસેથી પકડી પાડ્યા હતા.પોલીસ તપાસમાં આરોપીઓએ આવી ચાર જેટલી ચોરીઓ કરી હોવાની કબુલાત આપી હતી.

ભીડભંજન સોસાયટીમાં રહેતાં અને ડ્રાઈવિંગ કરતા અને ૪૧ વર્ષીય મુકેશભાઈ સોલંકી એ ગત તા.૨૧ના રોજ બપોરે ગોંડલ ચોકડીથી ઘરે જવા માટે રિક્ષામાં બેઠા હતા. ત્યારે વખતે રિક્ષામાં એક પેસેન્જર અગાઉથી બેઠો હતો. જેણે રસ્તામાં ઉલટી-ઉબકાનું નાટક કરી મુકેશભાઈના ખીસ્સામાંથી રૂા. ૧૫૫૦૦ શેરવી લીધા બાદ પુનિતનગરના ટાંકા નજીક ઉતારી દીધા હતા.

જેની ફરિયાદ માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં પીઆઈ જે.આર. દેસાઈ સહિતની ટીમે તપાસ શરૂ કરી હતી. પીડી માલવીયા કોલેજ પાસેથી રિક્ષા ગેંગના બે સભ્યોને પકડી પાડ્યા હતા.તપાસમાં રાજકોટનો ધનજી ઉર્ફે ધનો ઉર્ફ કાળો ચોર દેવજીભાઈ ડેડાણી અને સુનિલ મોહનભાઈ પેરવાણી નામ હોવાનું ખુલ્યું હતું.

બંનેએ ગોંડલ ચોકડી પાસેથી છેલ્લા અઠવાડીયામાં ત્રણેક પેસેન્જરોને બેસાડી



તેમના ખીસ્સામાંથી રૂા.૨૫૦૦, રૂા.૪૭૦૦ અને રૂા.૧૩૩૦૦ ચોરી કર્યાની કબુલાત આપી છે. જોકે આ અંગે પોલીસમાં કોઈ ગુન્હા નોંધાયા નથી.

આરોપી વિશે આવું જાણવા મળ્યું છે ધનજી ઉર્ફે ધનો મોટો ગુનાઈત ઈતિહાસ ધરાવે છે. તેના વિરૂધ્ધ ચોરી, દારૂ, જુગાર સહિત ૧૫ ગુના શહેરના જુદા-જુદા પોલીસ મથકોમાં નોંધાયેલા છે. બીજા આરોપી સુનિલ વિરૂધ્ધ ત્રણેક જેટલા ગુનાઓ નોંધાયેલા છે. બંને આરોપીઓ પાસેથી પોલીસે રોકડા રૂા.૧૫,૫૦૦ અને ગુનામાં વપરાયેલી ઓટો રિક્ષા કબજે કરી હતી.

### પરપ્રાંતીય મજૂરો ખેલ કરતા કેટલાક લુખ્ખાઓ થયા ભભર્દિ કેમેરામાં કેદ:પોલીસ તપાસ શરૂ

# મારામારીનો વધુ એક વીડિયો વાયરલ

રાજકોટ તા.૩

રાજકોટ લુખ્ખાઓએ મજા મૂકી છે શહેરમાં અવારનવાર લુખ્ખાઓ બેફામ બનતાં હોય તેવા દ્રશ્યો જોવા મળે છે.કાયદાનો ભંગ કરતાં પહેલા આરોપીઓ સહેજ પણ વિચાર કરતા નથી.જાણે કાયદાનો કોઈ ડર જ ન હોય તેમ જાહેરમાં મારા મારી પથ્થર મારા જેવી ઘટનાઓ સામે આવે છે.

તેવી જ એક ઘટના અટીકા નહેરુનગરમાં સામે આવી છે જેમાં કેટલાક આવારા તત્વો ધમાલ મચાવી પરપ્રાંતીય મજૂર પર પથ્થર મારો કરતાં હોય અને સમગ્ર વિસ્તારમાં ડરનો માહોલ ફેલાવતા હોય તેવો વીડિયો વાયરલ થયો હતો. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ વિડીયો ૨ દિવસ અગાઉનો હોવાનું જાણવા મળ્યું છે અને વીડિયો વાયરલ થયા બાદ પોલીસ આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.



# તહેવારની ઉજવણી પેહલા શોકનું મોજું માતાની નજર સામે ૧.૫ વર્ષના પુત્રનું મોત

### પિયરે ભીમ અગિયારસ કરવા જતી વખતે હીરાસર એરપોર્ટ ચાર રસ્તા નજીક નડ્યો અકસ્માત

રાજકોટ તા.૩

બનાવની મળતી વિગતો મુજબ, ૨૮ વર્ષીય કૈલાશબેન યશવંતભાઈ ભલગામડીયા જે હાલ સાયપર ગામખતે રહે છે તેમના ૧૩ માસના પુત્ર ધ્રુવપાલને સાથે લઈ પોતાના ગામ થી માવતર જે મોટી મોલડી ગામ ખાતે આવેલું છે ત્યાં જવા રિક્ષામાં બેઠા હતા.

ત્યાર બાદ રીક્ષા હીરાસર એરપોર્ટ જવાના નવા ચાર રસ્તે પહોંચતા સામેથી આવતા કાર ચાલકે




રિક્ષાને હડફેટે લીધી હતી. જે અકસ્માતમાં કૈલાશ બેન અને તેમના પુત્ર બંનેને ઈજા થઈ હતી.બંનેને ૧૦૮ મારફત કુવાડવાની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબે તેમના પુત્રને તપાસી મૃત જાહેર કર્યો હતો.

જ્યારે માતાને વધુ ઈજા પહોંચી હોવાથી રાજકોટની સિવિલ હોસ્પિટલમાં રિફર કરાયા હતા. પરિવારજનો પાસેથી મળતી વિગત મુજબ ધ્રુવપાલના પિતા યશવંતભાઈ ટ્રેકટર ચલાવવાનું કામ કરે છે. બનાવની જાણ થતા સમગ્ર પરિવારમાં ઘેરો શોક છવાયો હતો.

# પોલીસ-પત્રકારના નામે જામનગરમાં તોડ કરતાં ત્રણ સામે ફરિયાદ

### તું દારૂ વેચશ અમે રાજકોટ ક્રાઈમ બ્રાંચમાંથી આવી છી કહી ૨૦ હજારનો તોડ કર્યો

જામનગર તા.૩

રાજ્યમાં અનેક જગ્યાએ નકલી અધિકારી, નકલી કચેરી જેવા અનેક બનાવો સામે આવ્યા ત્યારે ફરી એક વખત નકલીના નજરમાં જાણે એક વધુ ઉમરેણુ થયું હોય તેમ જામનગરમાં નકલી પોલીસ અને પત્રકારે તોડ કર્યો હોવાની ઘટના સામે આવી છે.પૈસા પડાવવા ૨ લોકો રાજકોટ ક્રાઈમ બ્રાન્ચન નકલી પોલીસ મેન બની અને એક પત્રકારે જામનગર રેલ્વે સ્ટેશન રેલનગર વિસ્તારમાં રહેતા એક યુવાનના ઘરે પહોંચ્યા હતા.જ્યાં યુવક અને તેના પિતાને 'તમે દારૂનો ધંધો કરો છો અને રેડના નામે ધમકાવી ૨૦ હજારનો તોડ કર્યો હતો.

આવી જ રીતે બીજે એક જગ્યા દારૂની રેડના નામે તોડ કરવા ગઈ હતી પણ કામ બતાવે એ પેહલા ટોળકી ભરાઈ હતી.અને સમગ્ર મામલો પોલીસ સ્ટેશનને પહોંચ્યો હતો અને પોલીસે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની ઓળખ આપનાર અને એક પત્રકાર વિરુદ્ધ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

મળતી વિગતો મુજબ જામનગરના જુના રેલ્વે સ્ટેશન નજીક રહેતા હર્ષ જીગ્નેશભાઈ રાઠોડ ગત તા.૩૧/૫/૨૦૨૫ના રોજ બપોરે પોતાના ઘરે હતા. આ દરમિયાન ૩ શખશો ઘસી આવ્યા હતા. જેમાં બે શખ્સોએ પોતાની ઓળખ રાજકોટ ક્રાઈમ બ્રાંચના સ્ટાફના માણસો હોવાની કહી મોબાઈલમાં ઘરનું રેકોર્ડીંગ કરવા લાગ્યા હતા.

રેકોર્ડીંગ કરી પોતાને પોલીસ તરીકે ઓળખાવનાર બંને સખ્સોએ હર્ષ અને તેના પિતાને દારૂ સબંધિત કાર્યવાહી કરવાની ધમકી આપી હતી અને જો પોલીસ કેસમાં ન પડવું હોય તો ૫૦ હજાર રૂપિયાની માંગણી કરી હતી. પિતા પુત્ર લપમાં પડવા ન માંગતા હોવાથી થોડી રકજક બાદ રૂપિયા ૨૦ હજાર આપી અહી જ વાત રફેદફે કરી નાખી હતી. ત્યારબાદ બંને કથિત પોલીસ જવાનો કારમાં બેસી ભીમવાસ તરફ રવાના થયા હતા.

ભીમવાસના ઢાળિયા પાસે રમેશ વાઘેલા ઉર્ફે પ્રમુખના પુત્ર સાવનની દુકાને પહોચી બંને શખ્સોએ પોતાની ઓળખ ફરી પોલીસ તરીકે આપી તથા તેની સાથેના ત્રીજા શખ્સે પોતાની ઓળખ પત્રકાર તરીકે આપી પોતે રાજકોટના ત્રિલોક ન્યુઝમાંથી આવતો હોવાનુ કહ્યું હતું. આ ત્રણેય શખ્સોએ સાવનને પણ દારૂ કેસમાં ફીટ કરવાની ધમકી આપી હતી અને જો કાર્યવાહીથી બચવું હોય તો વહીવટ કરવાનું કહ્યું હતું.

ત્યારબાદ ત્રણેય શખ્સોએ ખંભાલીયા જવાનું કહી પરત આવ્યે જો વહીવટ કરવો હોય તો રોકડાની વ્યવસ્થા કરવાનું કહી ત્રણેય કાર લઇ નીકળી ગયા હતા. આ ઘટનાં બાદ જેની સાથે તોડ થયો તે પિતા-પુત્ર અને સાવન મળ્યા હતા અને સમગ્ર હકીકત સામે આવી હતી.

હાલના સાંપ્રત સમયમાં હાલ જે રીતે છેતરપિંડીની વ્યાપક ફરિયાદો અને ઠગાઇની પ્રવૃત્તિઓ થઇ રહી છે. તેના પર અંકુશ લાદવો હવે ખૂબ જરૂરી છે. એટલું જ નહીં ઠગ ટોળકીઓ પોલીસ તથા પત્રકારોનું નામ વટાવીને તોડ કરતી હોવાના એક નહીં અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. પરિણામ સ્વરૂપે લોકોનો પોલીસ તથા પત્રકાર પરનો જે ભરોસો છે તે ખૂબ ઓછો થઇ રહ્યો છે.

ત્યારે જે ઘટના ઘટી તે અત્યંત ચોંકાવનારી છે અને આ બાબતે યોગ્ય વ્યવસ્થા અને યોગ્ય માળખાગત સુવિધાઓ જો ઊભી કરવામાં આવશે તો આ પરિસ્થિતિમાંથી બહાર આવી શકાશે અને ગુનાહીત કૃત્યો આચરતા લોકો સામે કડક કાર્યવાહી થઇ શકશે. ન જેવી રકમ માટે ઠગ ટોળકી દ્વારા રાજકોટ પોલીસ અને પત્રકારનું નામ વટાવી એવા લોકોને હાથો બનાવવામાં આવ્યા કે જેઓને ખબર પણ નથી કે તેઓ દારૂનું વેંચાણ કરે છે. આ પ્રકારના શહેર અને જિલ્લામાં અનેક કિસ્સાઓ જોવા મળ્યા છે અને સામાન્ય પ્રજા આ પ્રકારની ટોળકીનો ભોગ બનતી હોય છે.

પોલીસ ફરિયાદ બાદ પોલીસે ગુન્હો નોઘી આરોપીઓને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.






# જિલ્લા શિક્ષણ અધિકારીની કાયમી જગ્યા ભરવા સરકારને માંગ

## શિક્ષકોની ખાલી જગ્યા અને જ્ઞાન સહાયકોની ભરતી સૌથી મોટો ચિંતાનો વિષય : વહીવટી કામગીરીને પણ પહોંચી રહી છે અસર

રાજકોટ, તા. ૩

રાજકોટની શિક્ષણ પરિસ્થિતિ જાણે સંપૂર્ણપણે ખાડે ગઈ હોય તેવું ચિત્ર ઊભું થયું છે હાલ જિલ્લા માધ્યમિક શિક્ષણ અધિકારી ની નિમણૂક કરવા માટે રાજકોટ શહેર જિલ્લા શૈક્ષણિક સંઘની સંકલન સમિતિ દ્વારા રાજ્ય સરકારને માંગણી કરવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે હાલ છેલ્લા ઘણા સમયથી શિક્ષણ અધિકારીનો ચાર્જ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને સોંપવામાં આવેલો છે અને પરિણામ સ્વરૂપે રાજકોટની જે કામગીરી છે તેને ઘણી માઠી અસર પહોંચી છે. આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈ હાલ સરકાર આ અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરે તે ખૂબ જરૂરી અને આવશ્યક બન્યું છે. હાલ અનેકવિધ વહીવટી કામો પણ ઠપ થઈ ગયા છે આ અંગે એક વખત નહીં અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી પરંતુ હજુ સુધી કોઈ નક્કર નિર્ણય લેવામાં આવ્યો નથી. ત્યારે હવે રાજકોટ માટે જે માહિતી મળી તે મુજબ બે જિલ્લા શિક્ષણ અધિકારીની જગ્યા મંજૂર કરવામાં આવેલી છે પરંતુ ખરી વાસ્તવિકતા તો એ છે કે એક પણ જિલ્લા શિક્ષણ અધિકારી કાયમી ધોરણે ફરજ બજાવતા નથી અને ઈન્ચાર્જના હવાલે જિલ્લા શિક્ષણનું ગાડું ચાલી રહ્યું છે. જે આગામી દિવસોમાં શિક્ષણના સ્તરને ઘણી માઠી અસર પહોંચાડે તો પણ નવાઈ નહીં.

જોવાનું એ રહ્યું કે હાલ આ માટે રાજ્ય સરકાર કઈ નક્કર નિર્ણય લઈએ તે ખૂબ જરૂરી છે અને તેના માટે જ હાલ જિલ્લા શિક્ષણ અધિકારીની જગ્યા ભરવી પણ એટલી જ આવશ્યક છે. ખાનગી શાળા હોય કે પછી સરકારી શાળા કે પછી ગ્રાન્ટિનેડ શાળાઓ આ તમામને હાલ ઘણા ખરા પ્રશ્નો નળી રહ્યા છે. એનું ત્વરિત નિવારણ લાવવું એ પણ એટલું જ આવશ્યક અને અનિવાર્ય છે.

રાજકોટમાં તત્કાલ કાયમી જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારીની નિમણુંક કરવા રાજકોટ શહેર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિએ માંગણી ઉઠાવી છે. આ મામલે રાજય સરકારમાં પણ સમિતિ દ્વારા રજુઆત કરવામાં આવી છે.

રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે આજે શૈક્ષણિક સંકલન સમિતિની શિક્ષણ બોર્ડના પૂર્વ મેમ્બર ડો. પ્રિયવદન કોરાટના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. જેમાં જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓના વિવિધ અદ્ધરતાલ લટકતા પ્રશ્ન અંગે ચર્ચા કરવામાં આવી હતી અને આ અંગે ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવેલ હતું. રાજકોટમાં કાયમી શિક્ષણાધિકારીના અભાવે શિક્ષણ જગતના અનેક મહત્વના પ્રશ્નો અણઉકેલ રહ્યા છે.

શાળાઓની ફાઈલો પણ જેમની તેમ શિક્ષણાધિકારી કચેરીમાં ધુળ ખાઇ રહી હોય, આ બાબતે તત્કાલ કાર્યવાહી કરવી જરૂરી હોવાનું જણાવી આ તકે ડો. પ્રિયવદન કોરાટે જણાવ્યું હતું કે શાળાઓનું વેકેશન હવે ગણતરીના દિવસોમાં જ ખુલી રહ્યું છે ત્યારે ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની જગ્યાઓ ખાલી પડી છે જેથી વેકેશન ખુલતા પૂર્વ જ્ઞાનસહાયકોની શિક્ષણના હિતમાં નિમણુંક થાય તે અતિ જરૂરી છે. આ બાબતે તેઓએ રાજય સરકારમાં પણ તેઓએ રજુઆત કરી છે.

# પરિવાર વચ્ચે મારામારી મહિલા થઈ ઈજાગ્રસ્ત

## દારૂનાં ગુનામા ઝડપાયેલા ભાણેજનાં જામીન પડયાનો ખાર રાખી હુમલો કર્યો હોવાનો આક્ષેપ

રાજકોટ, તા. ૩

હાલ મારામારીના ઘણા ખરા બનાવો બની રહ્યા છે તેમાં ન જેવી બાબતોમાં પણ હાલ લોકોને મારવામાં આવી રહ્યા છે અને હુમલાઓ પણ થતા હોવાની એક નહીં અનેકવિધ ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે આ પ્રકારના ગુન્હામાં ઝડપી નિવારણ આવે અને અંકુશ મૂકવામાં આવે તે માટે હાલ પોલીસ દ્વારા તમામ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે અને તે મુજબ જ અત્યારે હાલ ગુનાઓનું ડિટેકશન થઈ રહ્યું છે. પોલીસની સચોટ કામગીરી હોવા છતાં પણ હાલ આ બનાવો અટકતા નથી ત્યારે પ્રતિ દિવસ કોઈકને કોઈક કારણોસર મારામારીના બનાવોનું પ્રમાણ વધી રહ્યું છે જેના પર અંકુશ મૂકવો ખૂબ જરૂરી અને આવશ્યક છે.



શહેરમા મોરબી રોડ પર આવેલ રામાપીર ચોકમા બે પક્ષ વચ્ચે મારામારી થઇ હતી જેમા સામ સામે બંને પક્ષે ઘવાયેલા મહીલા અને યુવકને સારવાર માટે ખસેડવામા આવ્યા હતા. ઈજાગ્રસ્ત યુવાને આક્ષેપ કર્યો છે કે દારૂનાં ગુનામા ઝડપાયેલા ભાણેજનાં જામીન પડયાનો ખાર રાખી હુમલો કર્યો હોવાનો આક્ષેપ કર્યો છે.

આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ પારેવાડી ચોક પાસે આવેલ મહાત્મા ગાંધી સોસાયટીમા રહેતા સુરભીબેન વિજયભાઈ રાઠોડ નામની ૨૩ વર્ષની પરીણીતા મધરાત્રે મોરબી રોડ પર રામાપીર ચોક પાસે હતી ત્યારે જયુભા અને દિપક નામનાં શખસે માર માર્યો હતો. વળતા પ્રહારમા મનીષ નટુભાઈ મકવાણા પર વિજય અને સુરભીબેને પાઈપ વડે હુમલો કર્યો હતો. મારામારીમા ઘવાયેલા પરીણીતા અને યુવકને સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરાયા હતા.

ઈજાગ્રસ્ત મનીષ મકવાણાની પુછપરછમા દસ દિવસ પુર્વે તેનો ભાણેજ દિપક દારૂ સાથે પકડાયો હતો. તેમા મનીષ મકવાણા જામીન પડયો હતો. જેનો ખાર રાખી દંપતીએ ઝઘડો કરી માર માર્યો હોવાનો આક્ષેપ કરવામા આવ્યો છે. આક્ષેપનાં પગલે બી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# આરોપી મનન કોઠારીને કુલ ૧.૯૧ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધો

## રૂપિયા ૩.૪૮ લાખની ચોરીમાં જાણભેદુ જબ્બે

ગોંડલ તા.૩

ભોજરાજપરા વૃંદાવન નગરમાં એકલા રહેતા વયોવૃધ્ધ ભાવનાબેન દોષી તારીખ ૧૬ મે થી ૧૮ મે ના સમયગાળા દરમિયાન બહારગામ ગયા હોય આ સમયે તેમના બંધ મકાનમાંથી સોના ચાંદીના દાગીના અને રોકડા સહિતની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી.

૩.૪૮ લાખની ચોરી ફરિયાદ નોંધાતા બી ડિવિઝન પોલીસ અને કઈઇ સહિતની ટીમો આરોપીને પકડવા કામે લાગી હતી.ફરિયાદ વખતે થી પોલીસને આશંકા હતી કે કોઈ જાણભેદુ જ આ ચોરીને અંજામ આપી શકે છે.

પોલીસે ટેકનિકલ સોર્સ અને બાતમીદારો ને કામે લગાડ્યા હતાં. જે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે એક શંકાસ્પદ એક્ટિવા ચાલકની હાજરી બનાવ સ્થળની



નજીક જોવા મળી હતી. પોલીસે નંબર પ્લેટના આધારે તપાસ કરી. શંકાના આધારે એક વ્યક્તિની પૂછપરછ કરતાં જવાબ આપવામાં ગલ્લા તલ્લા કરવા લાગતા આકરી પૂછપરછમાં આરોપીએ ચોરી કરી હોવાની કબુલાત આપી હતી. અને પોલીસે ૧.૩૩ લાખના સોના ચાંદી દાગીના અને ૧૮,૩૦૦ રોકડા અને ૫૦૦૦ હજારની કિંમતનો મોબાઈલ સહિત કુલ ૧.૯૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

રૂલર કઈઇ ની ટીમે ગણતરીના દિવસોમાં આરોપીને પકડીને ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

# બાળકોને જમતી વખતે મોબાઈલ દેખાડવાની આદત જોખમી

## ૯૪૦ બાળકો પર અભ્યાસ : બાળકોને મોબાઈલથી દૂર રાખીને તેમને શારીરિક પ્રવૃત્તિઓ, વાંચન અને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખવા જોઈએ



રાજકોટ, તા. ૩

આજના આધુનિક યુગમાં, બાળકોને જમતી વખતે મોબાઈલ પર કાર્ટૂન દેખાડવાની આદત વ્યાપક બની ગઈ છે. મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ પ્રોફેસર યોગેશ જોગસણ અને ધારા દોશીના માર્ગદર્શનમાં ગોંડલિયા હર્ષા અને વરું જીજ્ઞા એ ૯૪૦ બાળકો પર અભ્યાસ કરી સર્વેક્ષણ કર્યો અને આ સર્વેક્ષણ ચોંકાવનારા તારણો દર્શાવે છે.બાળકોને જમતી વખતે મોબાઈલ કાર્ટૂન દેખાડવાની આદત તાત્કાલિક બંધ કરવી જોઈએ. તેના બદલે, માતા-પિતાએ બાળકો સાથે બેસીને વાતચીત કરવી જોઈએ, તેમને ભોજનનો મહત્વ સમજાવવો જોઈએ અને જમતી વખતે સ્વસ્થ વાતાવરણ પૂરું પાડવું જોઈએ. બાળકોને મોબાઈલથી દૂર રાખીને તેમને શારીરિક પ્રવૃત્તિઓ, વાંચન અને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખવા જોઈએ, જેથી તેમનો સર્વાંગી અને સ્વસ્થ વિકાસ થઈ શકે.

### કેટલા ટકા માતાઓ બાળકોને જમતી વખતે મોબાઈલ કાર્ટૂન દેખાડતા હશે ?

આ સર્વેક્ષણ મુજબ, **૮૧% બાળકોને જમતી વખતે મોબાઈલ ફોનમાં કાર્ટૂન જોવાની કે અન્ય ગેમ રમવાની આદત** છે. આ સૂચવે છે કે ઘણી મોટી સંખ્યામાં માતા-પિતા બાળકોને જમતી વખતે મોબાઈલનો ઉપયોગ કરવા દે છે. આ આંકડો ગુજરાતના સંદર્ભમાં પણ જોવા મળ્યો છે. ઘણીવાર, માતા-પિતા બાળકોને ખવડાવતી વખતે શરૂઆતમાં મોબાઈલ ફોન પર ગીતો કે કાર્ટૂન વગાડે છે, પરંતુ ધીમે ધીમે આ બાળકોની આદત બની જાય છે અને એક સમય એવો આવે છે જ્યારે બાળક મોબાઈલ વગર કંઈ ખાતું કે પીતું નથી.

### મોબાઈલ કાર્ટૂન જોવાથી બાળકોને શું નુકસાન થાય?

- જમતી વખતે મોબાઈલ પર કાર્ટૂન જોવાથી બાળકોને ઘણા નુકસાન થઈ શકે છે, જે તેમના શારીરિક અને માનસિક વિકાસ પર નકારાત્મક અસર કરે છે:
- અયોગ્ય ભોજનની આદતો અને પાચન સમસ્યાઓ : જ્યારે બાળક કાર્ટૂન જોવામાં વ્યસ્ત હોય છે, ત્યારે તે ખોરાક પર ધ્યાન આપી શકતું નથી. તે ખોરાકનો સ્વાદ, સુગંધ કે પોત અનુભવી શકતું નથી. આનાથી તે યાંત્રિક રીતે જમતું હોય છે અને કેટલી માત્રામાં ખોરાક લીધો છે તેનો ખ્યાલ રહેતો નથી. લાંબા ગાળે, આ અયોગ્ય ભોજનની આદતો તરફ દોરી જાય છે, જે સ્થૂળતા અથવા કુપોષણ જેવી સમસ્યાઓનું કારણ બની શકે છે. ખોરાક પર ધ્યાન ન આપવાથી પાચન પ્રક્રિયા પણ પ્રભાવિત થાય છે.
- ભાષા વિકાસમાં અવરોધ : જમતી વખતે પરિવારના સભ્યો સાથેની વાતચીત બાળકના ભાષા વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. મોબાઈલના ઉપયોગથી આ તક છીનવાઈ જાય છે. બાળક શબ્દો, વાક્યો અને વાતચીતની રીતો શીખી શકતું નથી, જે તેના વાણી વિકાસમાં વિલંબ કરી શકે છે. કેટલાક કિસ્સાઓમાં, ''વર્ચ્યુઅલ ઓટિઝમ'' જેવી સમસ્યાઓ પણ જોવા મળે છે, જેમાં બાળક સમાજ સાથે વાતચીત કરવામાં મુશ્કેલી અનુભવે છે.
- આંખો અને મગજ પર અસર મોબાઈલ ફોનમાંથી નીકળતો વાદળી પ્રકાશ (બ્લુ લાઈટ) બાળકની આંખો માટે અત્યંત હાનિકારક છે, જેનાથી આંખો નબળી પડી શકે છે અને નાની ઉંમરે ચશ્માના નંબર આવી શકે છે. વધુ પડતો સ્ક્રીન ટાઈમ બાળકના મગજના વિકાસ પર પણ નકારાત્મક અસર કરે છે. તે ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા ઘટાડે છે અને ચિડિયાપણું, ચિંતા અને ઊંઘની સમસ્યાઓ તરફ દોરી શકે છે.
- સામાજિક અને ભાવનાત્મક વિકાસમાં ઘટાડો : જમતી વખતે મોબાઈલના ઉપયોગથી બાળક પરિવારના સભ્યો સાથે આંતરક્રિયા કરી શકતું નથી. આનાથી તેના સામાજિક કૌશલ્યોનો વિકાસ અવરોધાય છે.બાળક પોતાની લાગણીઓ વ્યકત કરવામાં અને અન્યની લાગણીઓ સમજવામાં મુશ્કેલી અનુભવી શકે છે, જે તેના ભાવનાત્મક વિકાસ માટે સારું નથી.વધુ પડતા સ્ક્રીન ટાઈમથી બાળક આત્મવિશ્વાસમાં ખોટ અનુભવી શકે છે અને એકલતા અનુભવી શકે છે.
- વ્યસન અને અન્ય સમસ્યાઓ : મોબાઈલ ફોનનું વ્યસન નોમોફોબિયા બાળકોમાં સામાન્ય બની રહ્યું છે. જો તેમને મોબાઈલ ન આપવામાં આવે તો તેઓ રડવા લાગે છે, ગુસ્સો કરે છે અથવા ચીડિયા બની જાય છે.કાર્ટૂનમાં દર્શાવવામાં આવતી હિંસા કે અયોગ્ય વર્તણૂક બાળકોના વર્તનને પ્રભાવિત કરી શકે છે, જેનાથી તેઓ જીદ્દી, આક્રમક અથવા અસામાજિક બની શકે છે. શારીરિક પ્રવૃત્તિમાં ઘટાડો થવાથી સ્થૂળતા અને અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ પણ થઈ શકે છે.

# કોટડાસાંગાણીના રાજપરાનો બનાવ મહંતને માર મારી ૨૦ હજાર લૂંટી લીધા



રાજકોટ તા. ૦૩

છેલ્લા ઘણાં સમયથી તસ્કરો મંદિરો અને દાન પેટી ટાર્ગેટ કરી રહ્યાં હોવાના બનાવો સામે આવ્યા છે ત્યારે એવો જ એક બનાવ રાજપરા ખાતે બન્યો હતો જેમાં મધરાત્રે મેલડી માતાના મંદિરમાં અજાણ્યા શખ્સોએ ઘુસી મહંત ઉપર છરી વડે હુમલો કરી માર મરાતાં ઈજાગ્રસ્ત મહંતને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં મહંતે અજાણ્યા શખ્સો હુમલો કરી રૂા.૨૦ હજાર લુંટી ગયાની ફરિયાદ કરી હતી ક. આ અંગે કોટડાસાંગાણી પોલીસે સીસીટીવી ફુટેજના આધારે વધુ તપાસ હાથ ધરી હતી.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, રાજપરા ગામની સીમમાં આવેલા ગારાવાળી મેલડીમાંના મંદિરના સુડતાલિસ વર્ષીય મહંત શોભનાથબાપુ વેધનાથબાપુ નાથજી ગત રાત્રે મંદિરમાં હતાં ત્યારે રાત્રીના ૨.૩૦ વાગ્યે અજાણ્યા શખ્સોએ મંદિરમાં ઘુસી તેમના ઉપર છરી વડે હુમલો કરી માર મારતાં તેમને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તેમણે જણાવ્યા મુજબ, તેઓ રાત્રે મંદિરમાં હતાં ત્યારે પહેલા એક યુવક અને યુવતી આવી હતી બાદમાં અન્ય ચાર યુવક અને એક યુવતીએ આવી અચાનક છરી વડે હુમલો કરી માર માર્યો હતો અને રૂા.૨૦ હજાર લુંટી ગયા ફરિયાદ કરી હતી.આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી કોટડાસાંગાણી પોલીસને જાણ કરતાં પોલીસે ઘટના સ્થળે દોડી જઈ મંદિરના સીસીટીવી ફુટેજ તપાસતા તજવીજ હાથ ધરી હતી. જો કે પોલીસે જણાવ્યું કે મંદિરના સીસીટીવીમાં કઈ સ્પષ્ટ દેખાતું નથી જેથી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# કાથરોટા ગામની સીમમાં પત્તા ટીચતા ચારને ઝડપી પડતી આજીડેમ પોલીસ

## ૧૫ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો : બાતમીના આધારે હાથ ધરી કાર્યવાહી

રાજકોટ, તા. ૩

હાલ જુગારની અનેકવિધ વ્યાપક ફરિયાદો છેલ્લા ઘણા સમયથી સામે આવી રહી છે પછી તે હયાત જુગાર હોય કે ઓનલાઇન જુગાર અત્યારે ઘણા ખરા કિસ્સાઓ સામે આવ્યા છે. આ તકે પોલીસ કમિશનર દ્વારા વિવિધ પોલીસ સ્ટેશનમાં અધિકારીઓને સૂચિત કરી દેવાયા છે અને ખાસ આ પ્રકારના જે બનાવો છે તેના પર અંકુશ લાદવામાં આવે તે માટેના પગલાંઓ ટાંકીને લેવા અને અનડીટેક ગુન્હાઓનું નિવારણ લાવવા માટે જણાવ્યું છે. બનાવની મળતી માહિતી મુજબ રાજકોટ તાલુકાના કાથરોટા ગામની સીમમાં વીડીમાં ચાલતા જુગારધામ ઉપર પોલીસે દરોડો પાડી પતા ટીંચતા ચાર શખ્સોને ઝડપી પાડયા છે.



જાણવા મળતી વિગત મુજબ આજીડેમ પોલીસ મથકના કોન્સ. સંજય બારોટ, દેવા ધરજીયા સહીતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન કાથરોટા ગામની સીમમાં સુખાભાઇ કુકડીયાની વાડી પાસે વીડીમાં જાહેરમાં જુગાર રમતા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી પતા ટીંચતા સુખા કડવાભાઇ કુકડીયા, દેવા ભનુભાઇ બાવળીયા, ભીખુ લાધાભાઇ બાવળીયા અને વાલજી ભાણાભાઇ પરાલીયાને ઝડપી પાડી પટ્ટમાંથી રૂા.૧૫૧૦૦ની રોકડ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં રાજકોટ-અમદાવાદ હાઈવે પર જુની બેડીપરા પોલીસ ચોકી નજી લાલપરી તરફ રસ્તે એક શખ્સ કારમાં બેઠા બેઠા સટ્ટો રમતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા તે શખ્સે કાર ભગાવતા ધુળના ઢગલાને ટપાડતા કાર રોકાઇ ગઇ હતી જેથી પોલીસે કાર ચાલક કરમણ ગેલાભાઇ મુંધવા (રે.નવાગામ, મામાવાડી)ની ધરપકડ કરી પુછપરછ કરતા તે આઇપીએલ મેચ પર ક્રિકેટ સટ્ટો રમતો હોવાનું ખુલતા પોલીસે રૂા.૪૨૫૦ની રોકડ અને મોબાઇલ મળી કુલ રૂા.૧૦૨૦૦નો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરમાં કોવિડના વધુ ૮ કેસ

## કુલ કેસ ૫૨ : ૧૨ દર્દી હોમ આઈસોલેશનમાં ૪૦ દર્દીઓ સારવાર હેઠળ : રિકવરી રેટ સારો



રાજકોટ, તા. ૩

કોરોનાના વધતા કેસ હાલ માથાનો દુખાવો બની ગયો છે તંત્ર માટે ત્યારે આગામી દિવસોમાં આ કેસનું પ્રમાણ ઘટે તે માટે નક્કર પગલા લેવા જરૂરી છે. ત્યારે હાલ પ્રતિદિવસ કોવિડ કેસમાં ઉતરોતર વધારો થઈ રહ્યો છે. ત્યારે શહેરમાં સતત ત્રીજા દિવસે નવા ૮ કેસ નોંધાયા હતા જેને ચિંતાના વાદળો ઊભા કર્યા છે. ત્યારે તંત્ર માટે માથાનો દુખાવો બની ગયેલ કોવીડ કેસમાં ઘટાડો આવે તે ખુબજ જરૂરી છે.

રાજકોટ શહેરમાં હવે સીઝનલ રોગચાળા કરતા કોરોનાની ચિંતા વધવા લાગી છે. ગઈકાલે સતત ત્રીજા દિવસે કોરોનાના નવા આઠ કેસ નોંધાતા આજે જાહેર કરવામાં આવ્યા છે.આ સાથે પખવાડીયામાં રાજકોટમાં કોરોના કેસની ફિફટી થતા કુલ આંકડો બાવન પર પહોંચ્યો છે. વોર્ડ નં.૮ સહિતના પોશ એરીયામાં વધતા કેસ વચ્ચે નવા રીંગ રોડના રામધણ આશ્રમ સામેના ભાગ સુધી નવા દર્દી આવ્યા છે. તા.૨ના રોજ કોવિડ-૧૯ના નવા આઠ કેસ આવતા મનપા આરોગ્ય વિભાગની ટીમે આ અલગ અલગ વિસ્તારોમાં જઈને જરૂરી ટ્રેસીંગ અને સર્વેલન્સ કામગીરી હાથ ધરી હતી. યુવાન, પ્રૌઢ અને વૃધ્ધોને કોરોનાના નિદાન ચાલુ રહ્યા છે. જેમાંથી એક પણ દર્દી બહારગામ ગયા ન હતા અને તમામે વેકસીનના ડોઝ લીધા છે.

વોર્ડ નં.૮માં આવેલા નવા બે કેસની વિગત મુજબ વૈશાલીનગરમાં રહેતા 30 વર્ષના મહિલા અને નવજયોત પાર્કમાં રહેતા ૪૫ વર્ષના યુવાનને પોઝીટીવ નિદાન થયું છે. વોર્ડ નં.૨ના નહેરૂનગરમાં રહેતા ૭૯ વર્ષના વૃધ્ધ, વોર્ડ નં.૩ના રેલનગર વિસ્તારમાં રહેતા ૪૪ વર્ષના યુવાન, વોર્ડ નં.૭માં કિસાનપરા પાસે રહેતા ૨૬ વર્ષના યુવાનને સંક્રમણ થયું છે. વોર્ડ નં.૯માં યુનિવર્સિટી રોડ વિસ્તારમાં રહેતા ૪૮ વર્ષના યુવાન, વોર્ડ નં.૧૧માં કોકોનટ પાર્ટી પ્લોટ રોડ વિસ્તારમાં રહેતા ૬૨ વર્ષના પ્રૌઢને કોરોનાનો ચેપ લાગ્યો છે. વોર્ડ નં.૧૨માં નવા રીંગ રોડ પર રામધણ સામે રહેતા ૪૪ વર્ષના યુવાનને પણ સંક્રમણ થયું છે. શહેરના લગભગ તમામ વોર્ડમાંથી કોરોના કેસ બહાર આવવા લાગ્યા છે. નવા ભળેલા વિસ્તારોમાં પણ દર્દી મળ્યા છે. જોકે રાહતની વાત એ છે કે કોઇ દર્દીને હોસ્પિટલમાં દાખલ થવાની ફરજ પડી નથી અને તમામની સ્થિતિ સામાન્ય છે. તા. ૧૯-૫થી આજ સુધીમાં નોંધાયેલા કુલ કેસનો આંકડો બાવન પર પહોંચ્યો છે. આ પૈકી ૧૨ દર્દી હોમ આઇસોલેશનમાં જ સાજા થઇ ગયા છે. હવે સારવાર હેઠળ ૪૦ દર્દી છે. દરમ્યાન આરોગ્ય વિભાગે વધુ એક વખત લોકોને સતર્કતા રાખવા અનુરોધ કર્યો છે. ડરવાની કોઇ વાત નથી પરંતુ તકેદારી અનિવાર્ય છે.

### એસપી હિમકરસિંહ કોરોના પોઝિટિવ

કોરોના રિટર્ન થયો હોય તેમ સમગ્ર ગુજરાતની સાથે રાજકોટ શહેરમાં પણ બેકાબુ બન્યો છે અને ઝડપથી લોકોમાં સંક્રમણ ફેલાઈ રહ્યું છે. ત્યારે રાજકોટ રૂરલ એસપી હિમકરસિંહ કોરોના સંક્રમિત થયા છે જેમને હાલ એસપી બંગલે જ આઈસોલેટ કરવામાં આવ્યા છે.હાલ તેઓની તબિયત સ્થીર હોવાનું સામે આવ્યું છે. કોરોનાની ગંભીર અસરથી બહાર આવેલ રાજકોટ સહીત દેશભરમાં ફરીવાર કોરોના સંક્રમણ વધ્યું હોય તેવું ચિત્ર સામે આવી રહ્યું છે. રાજકોટમાં પણ પ્રતિદિન કોરોનાના કેસમાં ઉછાળો જોવાં મળી રહ્યો છે. ત્યારે આજે સવારે રાજકોટ રૂરલ એસપી હિંમકરસિંહ પણ કોરોના પોઝિટિવ આવતાં દોડધામ મચી ગઈ હતી. તેઓને તુરંત જ પોતાના બંગલે હોમ આઈસોલેટ કરવામાં આવ્યાં હતાં.



# મુખ્યમંત્રી શુક્રવારે રાજકોટ કરોડના વિકાસકામોની આપશે ભેટ

## પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ ખાતેથી રાજકોટ શહેર જિલ્લાના કરોડો રૂપિયાના વિકાસ કામોનું ઈ લોકાર્પણ કરશે

રાજકોટ, તા. ૩

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા આગામી શુક્રવારે કરોડના વિકાસ કામો ની ભેટ રાજકોટના લોકોને આપશે. ત્યારે આ અંગે હવે કાર્યક્રમ નક્કી થઈ ગયો છે અને તંત્ર તૈયારીઓમાં લાગી રહી છે. રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ હવે ૬ને શુક્રવારે રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાત દરમ્યાન તેઓ રાજકોટ શહેર-જિલ્લાને કરોડોના વિકાસ કામોની ભેટ આપનાર છે. મુખ્યમંત્રીનો આ કાર્યક્રમ ગઈકાલે ફાઈનલ થતા જ આ અંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની આ મુલાકાત સંદર્ભે જિલ્લા કલેકટર પ્રભવ જોશીની વિશેષ ઉપસ્થિતિમાં વિડીયો કોન્ફરન્સ આયોજીત કરવામાં આવી હતી. તેની સાથોસાથ કલેકટર પ્રભવ જોશી દ્વારા વિવિધ સરકારી વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી જરૂરી સુચના આપવામાં આવી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અગાઉ તા.૫મીના રોજ રાજકોટની મુલાકાતે આવનાર હતા પરંતુ છેલ્લી ઘડીએ તેઓના કાર્યક્રમમાં ફેરફાર થતા હવે તા.૬ને શુક્રવારે રાજકોટની મુલાકાતે આવનાર છે. આ દરમ્યાન તેઓ રૈયા રોડ પર આવેલ પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ ખાતેથી રાજકોટ શહેર જિલ્લાના કરોડો રૂપિયાના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરનાર છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી રાજકોટ ખાતેના તેઓના આ કાર્યક્રમની તૈયારીઓ અને વિકાસ કામોના લોકાર્પણ અંગેની માહિતી મેળવી હતી. કલેકટર કચેરીના સુત્રોએ આ અંગે જણાવ્યું હતું કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આગામી તા.૬ને શુક્રવારના સાંજના અમદાવાદ એરપોર્ટ પરથી ખાસ એરક્રાફટમાં નીકળી સાંજના ૫ વાગ્યે હીરાસર એરપોર્ટ પર ઉતરાણ કરનાર છે. ત્યાંથી તેઓ બાયરોડ પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ ખાતે પહોંચી રાજકોટ શહેર જિલ્લાના વિવિધ વિકાસકામોનું ઈ લોકાર્પણ કરશે.

જેમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રેસકોર્ષ ખાતે તૈયાર કરનાર શ્યામપ્રસાદ આર્ટ ગેલેરી અને એકઝીબીશન હોલનું લોકાર્પણ તેમજ મેટરીંગ કામ, ડ્રેનેજ લાઈન, સીસી રોડ, ફીલ્ટર પ્લાન્ટ, સહિતના રૂા.૫૬.૪૨ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરનાર છે. આ ઉપરાંત જેટકો, પાણી પુરવઠા, સ્પોર્ટસ, સહિતના વિકાસ કામોની પણ મુખ્યમંત્રી ભેટ આપનાર છે. શહેરના પ્રમુખ સ્વામી ઓડીટોરીમ ખાતે યોજાનારા મુખ્યમંત્રીના આ કાર્યક્રમમાં ધારાસભ્યો, સાંસદો, તેમજ કોર્પો.ના પદાધિકારીઓ ઉપસ્થિત રહેનાર છે. આ કાર્યક્રમ અંગે વહીવટી તંત્રના અધિકારીઓને વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે.

## શાળા કોઇ ચોક્કસ દુકાન કે મોલથી યુનિફોર્મ વગેરેની વસ્તુઓ ખરીદવાનું વાલીઓને દબાળ કરતી હોવાની ફરિયાદ

# મનમાની કરતી 25 શાળાઓને DEOની નોટિસ

રાજકોટ, તા. ૩

હાલ ખાનગી શાળાઓની મનમાની ખૂબ જ વધુ જોવા મળી રહી છે અને તેમાં પણ વિદ્યાર્થીઓના વાલીઓને ખાસ નિર્ધારિત થયેલા મોલમાંથી જ તમામ સામગ્રી અને ચીજ વસ્તુઓ લેવાનું કહેવામાં આવે છે આ અંગે ફરિયાદ થતાં ઇન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલ દ્વારા તે તમામ શાળાઓને નોટિસ પાઠવવામાં આવી છે. એનકેન પ્રકારે લોકોને એટલે કે વાલીઓને લૂંટવાનો જે પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે તે ઘણા ખરા અંશે લોકહિત માટે સહેજ પણ વ્યાજબી નથી. ત્યારે સરકારે આ બાબતે ખાસ વિચાર કરવો ખૂબ જરૂરી અને આવશ્યક છે.

છેલ્લા કેટલાક સમયથી મનમાની કરતી રાજકોટની ૨૫ શાળાને ઉઊઘએ નોટિસ ફટકારી છે. આ શાળા કોઇ ચોક્કસ દુકાન કે મોલથી યુનિફોર્મ વગેરેની વસ્તુઓ ખરીદવાનું વાલીઓને દબાળ કરતી હોવાની ફરિયાદ ઉઠી હતી. NSUIએ તમામ ખાનગી શાળાના દબાણના પુરાવા પણ ઉઊઘને આપ્યાં હતા. જેના પગલે DEOએ રાજકોટની દસ શાળાને નોટિસ ફટકારી છે. આ દસેય શાળા અમુક ચોક્કસ દુકાનથી જ વસ્તુ ખરીદીનો આગ્રહ રાખતી હતી.

રાજકોટની આ શાળાઓમાં ભરાડ, મોદી સ્કૂલ,મહાત્મા ગાંધી સ્કૂલ નિર્મલા, તપન સ્કૂલનો સમાવેશ થાય છે. ઉલ્લેખનિય છે કે, આ ફેમસ શાળાઓ રાજકોટમાં નાના મવા રોડ પર બનેલા મોલ પરતી ખરીદી કરવાનું વાલી પર દબાણ કરતી હતી. આ મોલ પણ શિક્ષણ જગતના મોટા માથાઓએ બનાવ્યો છે. મોલમાં યુનિફોર્મથી માંડીને બધી જ વસ્તુઓ મળી જાય છે આ ચોક્કસ મોલમાંથી ચીજ વસ્તુ જ ખરીદવા શાળા પરોક્ષ રીતે દબાણ કરતી હોવાનો કોંગ્રેસે આક્ષેપ કરી ડીઈઓને પુરાવા પણ આપ્યા હતાં.

આ મામલે બચાવ કરતા ખાનગી શાળાના સંચાલક મંડળના પ્રમુખ ડીવી મહેતાએ આ દરેક આરોપને નકાર્યા છે અને તેમણે જણાવ્યું કે, બિઝનેસ કરવાનો બધાને અધિકાર છે આ મોલમાં બધુ વસ્તુ મળી જતી હોવાથી વિદ્યાર્થીની સુવિધા માટેએ મોલનું સૂચન માત્ર કરવામાં આવે છે.

કોઇ ચોક્કસ મોલ કે દુકાનમાંથી ખરીદી માટે વાલીને ક્યારે દબાણ કરાતો નથી. એજ્યુકેશન મોલમાં પાર્ટનરશીપ અંગે ડી.વી. મહેતાએ ગોળ ગોળ જવાબ આપ્યાં હતા. તેમણે જણાવ્યું કે,દરેક સ્કૂલની પોતાની પેટર્ન અલગ- અલગ હોય છે. સમગ્ર ઘટના પ્રકાશમાં આવ્યાં બાદ DEO દિક્ષીત પટેલે આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, આવી ૧૦ નહિ પરંતુ ૨૫થી વધુ સ્કૂલોને નોટિસ આપવામાં આવી છે. નોટિસ બાદ શાળા જે ખુલાસા આપી રહી છે તેનો પણ અભ્યાસ થઇ રહ્યો છે. માત્ર ચોક્કસ દુકાનથી ખરીદી માટે નહિ પરંતુ ફાયર સેફ્ટીના નિયમોને લઇને પણ શાળાને નોટીસ ફટકારાય છે. DEOની ટીમ માત્ર એક જ મુદ્દાને ધ્યાને લઈ ચેકિંગ નથી કરતું.




# અકરમ દાઉદાણીએ ફરી લખણ ઝળકાવ્યા

## મારી ઉપર ૨૫ ગુન્હા છે વધુ એક નોંધાશે તો ફેર નહીં પડે કહી પંપ પર ફિલરમેનને માર મારી ધમકાવ્યો

રાજકોટ તા ૩

શહેર જાણે આવારા તત્વોનો રાફડો ફાટ્યો હોય એમ એક બાદ એક બનાવો સામે આવી રહ્યા છે. આવામાં અગાઉ ઘણી વખત પોલીસ ચોપડે ચડી ચૂકેલો અકરમ દાઉદાણી ફરી એક વખત લુખ્ખાગીરી કરતાં પોલીસ ચોપડે ચડ્યો છે.શહેર ૧૫૦ ફુટ રિંગરોડ પર આવેલ ઓમ પેટ્રોલપંપ પર પેટ્રોલ ભરવાના રૂપીયા ન આપવા ફિલરમેનને મારમારી ધમકી આપનાર ૨ સામે ગુન્હો દાખલ કરતી યુનિવર્સિટી પોલીસ.

નામચીન અકરમ દાઉદાણી અગાઉ પણ લુખ્ખાગીરી અને મારામારી સહિતના કામે પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે.અને આ વખતે પેટ્રોલ પંપ પર પેટ્રોલ પૂરાવી ૧૦૦ રૂપિયા ન આપી ફિલરમેનને માર મારી ધમકી આપી હતી કે મારી ઉપર ૨૫ ગુન્હા છે વધારે એક નોંધાશે તો ફરક નહીં પડે.થોડા સમય પેહલા માં શક્તિ નામની ચા ની હોટલ ખાતે અકરમે ખેલ કર્યો હતો.જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો જે બાદ ભક્તિનગર પોલીસે અકરમને કાન પકડાવી માફી મંગાવી હતી.આ કાર્યવાહીના ગણતરીના દિવસોમાં અકરમે ફરીથી તે જ હોટલે ખેલ કરીને સાબિત કરી દીધું હતું કે તેને જાણે પોલીસનો કોઈ ડર જ નથી.

આ વખતે મોરબી રોડ પર જય જવાન જય કિસાન સોસાયટીમાં રહેતા ફરિયાદી મનોજભાઈ ભીખાભાઈ તન્નાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અકરમ દાઉદાણી અને તેની સાથે આવેલા દિવ્યાંગ મિત્રનું નામ આપતાં પોલીસે ગુન્હો નોંધી તપાસ આરોપીઓની તપાસ શરૂ કરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે,



બે માસ પહેલા રાત્રીના અગીયાર વાગ્યે તે ૧૫૦ ફુટ રિંગરોડ પર આવેલ ઓમ પેટ્રોલપંપ પર ફિલરમેન તરીકે ફરજ પર હાજર થયેલ જ્યા સાથે પેટ્રોલ વિભાગમાં સુભમ ત્રિવેદી તથા વિવેક રાઠોડ કે જે સી.એન.જી. વિભાગમાં ફરજ પર હાજર હતાં. તે દરમિયાન રાત્રીના બે વાગ્યે બે શખ્સો પોતાનું સ્કુટર લઇ આવેલ અને એક શખ્સ પોતાની ઓળખ અકરમ દાઉદાણી તરીકે આપી સુભમ ત્રિવેદી પાસે આવી ૧૦૦ રૂપિયાનુ પેટ્રોલ નાખી દે કહેતાં, જેથી સુભમે પેટ્રોલ નાખી આપેલ હતું.

ત્યાર બાદ સુભમને નામ સરનામું પુછી ગાળો દેવા લાગેલ જેથી વિવેક રાઠોડ અકરમ નામના શખ્સને ગાળો બોલવાની ના પાડતા તે તેમજ તેની સાથે આવેલ એક અજાણ્યો ઈસમ જે પગથી અપંગ હોય તે બંન્નેએ વિવેકને ઢીકા પાટુનો મૂંઢ માર મારી અકરમે તેની પાસે રહેલ એક્સેસ જેવા સ્કૂટરની ડેકીમાંથી છરી કાઢી સુભમ તેમજ વિવેકને બતાવવા લાગેલ અને આટલી જ વાર લાગે તેમ કહી ગાળો હોય તે દરમિયાન ફરીયાદી આવી જતા અકરમ તેમજ તેની સાથે આવેલ અપંગ વ્યકતિને ઝઘડો ન કરો તેમ સમજાવતા આ અકરમે મારી ઉપર પચ્ચીસ ગુન્હા નોંધાયેલા છે હજી એક ગુન્હો વધું નોંધાશે તો મને ફેર નહી પડે તેમ કહી પેટ્રોલપંપ સળગાવી દઇશ કહીં, જાનથી મારી નાખવાની ધમકી આપી બંને શખ્સો ફરાર થઈ ગયા હતાં.

બાદમાં તેની સાથેના કર્મીને શરીરે દુખાવો થતાં ૧૦૮ મારફત સારવારમાં હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા.આરોપી અકરમ ઝનૂની સ્વભાવનો હોય એના ડરને કારણે જે તે સમયે ફરીયાદ નોંધાવી નોહતી.

શું ગુન્હો કરતાની સાથે જ કોઈ સેટિંગ કરાવી દે છે? કે ભલામણોનો દોર શરૂ કરી દે છે?કોણ છાવરે એવા આવારા તત્વોનો જે અવારનવાર પોલીસ ચેલેન્જ કરી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ અકરમ કોંગી કોર્પોરેટરના ભત્રીજો છે અને કોર્પોરેટર અગાઉ તેની સાથે કોઈ સંબંધ ન હોવાની નોટીસ પણ આપેલી છે. કમિશનર કચેરી ખાતે વિરાન થયેલો લીમડો ફરી આવા લુખ્ખાઓની 'કિલકારી' થી ગુંજી ઊઠે તો લુખ્ખાઓને કાયદાનું ભાન થાય એવું લોક મુખે ચર્ચાય રહ્યું છે.